

# બુદ્ધિપ્રભા

# બુધ્ધિપ્રભા

સંસ્થાપકઃ– પ્રશાન્તમૂર્તિ આચાર્યપ્રવર શ્રીમદ્ કીર્તિસાગર સૂરીશ્વરજીના સાનિધ્યમાં પન્યાસપ્રવરશ્રી મહાદેય સાગરજી ગણિવર્ય.


## વિષય દર્શન


| નં. | વિષય | લેખક | પેજ |
|---|---|---|---|
| ૧ | ક્ષમાપના (અગ્રલેખ) | તંત્રી સ્થાનેથી | ૧. |
| ૨ | મિત્તી મે સવ્વભૂએષુ (પ્રવચન) | શ્રીમદ્ બુદ્ધિસાગરજી | ૩. |
| ૩ | તૃષ્ણાની અગાધ સરિતા (લેખ) | શ્રી ચિત્રભાનુ | ૪. |
| ૪ | શ્રી પર્વકર્તવ્ય ગીત (કાવ્ય) | પ્ર. આ. વસંતપ્રભાશ્રી | ૫. |
| ૫ | પર્વાધિરાજ પર્યૂષણ (લેખ) | શ્રી વાડીલાલ ચોકસી | ૬. |
| ૬ | આશાના અધૂરાં ગીત (વાર્તા) | લેખિકા કુમારી ઉષાબેન જોષી | ૯. |
| ૭ | અમર શીખ (લેખ) | પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરજી મહારાજ | ૧૩. |
| ૮ | અંતરની સુવાસ ,, | શ્રી રવિશંકર મહારાજ | ૧૪. |
| ૯ | અનાદિના અંધારા (લેખ) | પ્રવતિની સાધ્વીશ્રી ખાંતિશ્રીજી મ. | ૧૫. |
| ૧૦ | અમૂલ્ય અવસર ,, | પં. વસિષ્ઠજી યાજ્ઞિક, હલવદકર | ૧૯. |
| ૧૧ | સ્મરણાંજલિ .... .... | નટવરલાલ એમ. શાહ .... .... | ૨૨. |
| ૧૨ | ઝેરના પારખાં (કાવ્ય) | શ્રીમદ્ બુદ્ધિસાગરજી | ૨૩. |
| ૧૩ | નામાવલી .... .... | .... .... .... | ૨૪. |
| ૧૪ | શાસન સમાચાર .... | .... .... .... .... .... | ૨૮. |


### ખાસ નોંધ

આવતો અંક **દીવાળી અંક** પ્રગટ થશે. લેખક મિત્રોને વિનંતી કે તેઓ પ્રસંગને અનુરૂપ વાર્તા, કાવ્ય, લેખ, નિબંધ, પત્ર વ. જલ્દીથી મોકલી આપે. આપની કોઈપણ કૃતિ ફુલ્સ્કેપ ત્રણ પાનાથી વધુ નહિ તે પ્રમાણે લખી મોકલવા આગ્રહભરી નમ્ર વિનંતી છે.

— તંત્રીઓ.




તંત્રીઓ:- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીઆ

વર્ષ ૧ લું ] પ્રેરક: મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી [ અંક ૧૦-૧૧

# ક્ષમાપના

—પંડીત છબીલદાસ, ભદ્રીક કાપડીયા

માનવીનું મન ગતિશીલ છે. પરિવર્તન એ એનો સ્વભાવ છે. અને આ મન પર એનો જેટલો કાબૂ તેટલોજ માનવી ચારિત્ર્યશીલ અને પવિત્ર. નરી આંખે દેખાતુ માનવીનું કાર્ય ગમે તેટલું ઊંચુ ને આદર્શ હોય પરંતુ તેની પાછળ માનસની જે પ્રક્રિયા કામ કરે છે તે પ્રક્રિયા જો કાર્ય સાથે ભાવ મુજબ સંલગ્ન ન બને તો એ કાર્ય આત્માની અદાલતમાં તો ખોટું જ ઠરે છે. અને માનવી ભલે તેટલું નિંદ્ય ને નીચ કૃત્ય કરતો હોય પરંતુ તેનું મન તે કાર્ય સાથે રડતું હોય, દુઃખ અનુભવતું હોય તો પેલી સાચી અદાલત તો તેને નિર્દોષ જ ઠેરવે છે. માનવીના સાચા ચારિત્ર્યનો આંક કાઢવા માટે તો તેના મનના ભાવો, તેના અંતરની અનુભૂતિઓ વ. નો અભ્યાસ જરૂરી બને છે. માનવીના ફક્ત બાહ્ય કાર્ય પરથી તેના જીવનનો અભિપ્રાય આપવો એ તો દંભ જ છે. ચાલતું એ નાટક જ છે.

સંવત્સરીનું પર્વ આવું આંતરિક અવલોકન માગે છે. વિજ્ઞાનના આ યુગે માનવીને ઘાંચીના ગઢ્યો છે. ઘડી માં પણ એને ફુરસદ નથી. જે જીવનના સુખ ને શાંતિ માટે એ આટલી બધી દોડધામ કરે છે એ સુખ ને શાંતિ માટે વિચારવાનો સહેજ પણ એને સમય નથી. આ યુગની આ ખરેખર કમનસીબ પરિસ્થિતિ છે. કારણ માનવી પોતાને જ ભૂલીને જીવવા માંડ્યો છે.

માનવીનું આજનું જીવન ખરેખર દયાજનક છે. એના જીવનનો વ્યવહાર જુઓ. એની વાણીને વર્તન, તપાસો, એના અધ્યવસાય નિહાળો અને પછી નિષ્કર્ષ કાઢો, તમને ક્યાંય એમાં પ્રાણ નહિ જડે. ક્યાંય ચેતન ધબકતું નહિ ભળે. બધેજ યંત્રવત સ્થિતિ એક જ ઘરેડ, એક જ ચક્કર બધે ઘૂમતું મળશે. માનવી આજ ફરિયાદી બની ગયો છે. જિંદગીની દરેક પરિસ્થિતિ સામે એને કંઈક

ને કંઈક કહેવાનું રહેજ છે. અસંતોષ એનો રોગ બની ગયો છે. ક્યાંય એને ચેન નથી. ક્યાંય એને આરામ નથી. વિહ્વળતા એ એનું લક્ષણ બન્યું છે.

જીવનની આ સ્થિતિ ખરેખર ભયંકર છે. માનવી પાપને ઓળખે છે. સમજે છે. એના પ્રત્યે એને ઘૃણા પણ છે. એનાથી દૂર રહેવું જોઈએ એમ પણ એ માને છે. યુદ્ધ એને ગમતાં નથી. શોષણ પણ એને ગમતું નથી. અનાચાર, વ્યભિચાર વ. બધા માટે એને જબર સૂગ છે. જગતમાં ચાલી રહેલા અનીતિધામોથી હવે એ કંટાળ્યો પણ છે. છતાંય આમાંનું કશું અટક્યું નથી. કોઈનાય બારણાં રુદન બંધ થતા સંભળાયા નથી.

આનું કારણ એકજ માનવીની ચેતના મૂર્છા ખાઈ ગઈ છે. એનામાં જાગૃતિ છે પણ એ મંદ બની છે. જોકે દુનિયાનું ભાવિ આજ નિરાશાજનક છે છતાંય તેમાં ભાવિ આશાની એક ઉજ્જવળ ચિનગારી પણ દેખાય છે. કારણ માનવી આજ થાક્યો છે. આજના જીવનથી હવે એ કંઈક ચિડ્યો છે. એના નિઃશ્વાસ ક્યારેક સંભળાય છે.

જીવનને બદલવાના સૂર ક્યાંકથી ધીમા સંભળાય છે. મરી ગયેલા ભૂતકાળના આક્રોશના મંદ અવાજ ક્યાંયથી અથડાય છે. અને એ જ ભાવિની ઉજ્જવળ નિશાની છે.

આવા અંધકારમાં સંવત્સરી આશાનો નાનો દીવડો લઈને આવે છે. અલબત્ત બહુ જ ધીમો ને મંદ એનો પ્રકાશ છે. પરંતુ એ એકસરખો સ્થિર છે. એનું અજવાળું જીવનના અનેક ખૂણાને પ્રકાશીત કરે છે.

માનવ! ઊઠ. આળસને ખંખેરી નાંખ. ભૂતકાળને ભૂલી જા. ભાવિ તારી સામે જ છે. તારા હાથમાં જ છે અને આ સ્થિર પ્રકાશમાં જો કે જીવન કેટલું સુંદર ને સંગીતમય છે. તારા મનમાં બાઝેલાં પેલાં જાળાં દૂર કર. બહાર કંઈક ને અંદર કંઈક, ઊંચું ને આદર્શ કાર્ય પણ અંદરથી પેલા સ્વાર્થની ભાવના, કીર્તિની લાલસા વગેરે. પડદાને દૂર કર. પાપ માટે ઊપડતાં પગ ને રહેતું અંતર એ બધાને ત્યાગી નાખ. અંતરને રડવા દે. અને ભલે કદાચ પછી પણ જવાય પણ પડ્યો ન રહીશ, અંધારામાં આળોટ્યા ન કરીશ. ફરી તાકાત ભેગી કરીને ચાલવા માંડ.

સંવત્સરીની આ શીખ છે. ભલે તેં કોઈનું બૂરું કર્યું હોય, કોઈના જીવનને બરબાદ કરી નાંખ્યું હોય અનાચાર, અનીતિ બધું જ ભલે તું સેવી ચૂક્યો હોય, ક્યારેય તેં ભલે ઈશ્વરનું નામ પણ ન લીધું હોય અને નર્યો પશુ જ બની ગયો હોય, ગુસ્સામાં આવી કોઈનું ખૂન કરી બેઠો હોય, કોઈને છેતરીને તારું તેં કામ કાઢી લીધું હોય, તારુંજ વર્ચસ્વ રહે એ માટે ભલે તેં કોઈને ઊગતાં કચડી નાંખ્યા હોય સામાની લાગણીઓને તારા આનંદ કે સ્વાર્થ ખાતર દુભવ્યાં હોય, ભલે આમાનું તું એક કે બધું જ કરી છૂટ્યો હોય જે થઈ ગયું તે થઈ ગયું.

એ બધી જ ખોટી વૃત્તિઓનો એકરાર કરી લે તારાથી થઈ ગયેલા ખરાબ કૃત્યોને યાદ કરી લે. આંખમાંથી સાચા આંસુ પડવા દઈને એ થઈ ગયેલા પ્રસંગોનું ફરી પુનરાવર્તન ન થાય એવી પ્રતીજ્ઞા લઈ લે અને ક્ષમા માંગી લે. ક્ષમા આપી દે. હૈયાના કોઈ ખૂણે ડંખ ન રહેવા દે અને અંતરની ખરી ઊર્મિઓથી જીવવું શરૂ કરી દે.

એકરારને ક્ષમાપના એ તો સંવત્સરીના બે ફૂલ છે. એમાંથી એકનો પણ સહેજ બગાડ એટલે માંદગીને નિમંત્રણ. જીવવું જીવતાં એ મોત બની જાય છે.

અમે અમારી ભૂલોનો નિખાલસતાથી એકરાર કરીએ છીએ. અમારા લખાણોથી અમારા વર્તનથી અમારી કેટલીક અનિવાર્ય વિસંગતતાથી આપના અંતરને ક્યારેક પણ દુભવ્યા હોય તો અમે સાચા અંતરથી ક્ષમા પ્રાર્થીએ છીએ.

# મિત્તી મે સવ્વભૂએસુ

—શ્રીમદ્ બુદ્ધિસાગરજી

( સંવત્સરી પર્વ જ્યારે આવી રહ્યું છે ત્યારે વરસો પહેલાં શ્રીમદ્ પર્વની કેટલી વિશદ મીમાંસા કરી છે તે આ લેખ જ બતાવશે. —તંત્રીઓ )

તમે હિંદુ, મુસલમાન, પારસી, અંગ્રેજ, જાપાનીઝ, ચીના વગેરે ગમે તે હો, પણ તમારા પ્રત્યેકના શરીરમાં રહેલો પ્રત્યેક આત્મા, જ્ઞાનાદિ-ગુણથી એક સરખો છે માટે પરસ્પર સમાનભાવ રાખો. એક બીજાની દયા કરવી. એક સમાન ધર્મથી તમો એક બીજાના નજીકના છો, છતાં કેમ તમો પરસ્પર ઇર્ષ્યા, વૈર, જાત્યાભિમાનની મિથ્યા લાગણીથી પરમાત્મા સ્વરૂપ આત્માઓનું અનિષ્ટ કરવા અશુભ વિચાર કરો છો ! હિંસા કરો છો ! એક બીજાને મારી નાંખવા કેમ પ્રયત્ન કરો છો. કોઇપણ પશુ પંખી, મનુષ્યની આંચથી આપવાનો તમને તમોએ માનેલા કોઈપણ ઈશ્વરે શું દુઃખ આપ્યો છે ! વિચાર કરો. વિચાર કરો. કીડીથી માંડીને ઇન્દ્રપર્યંતના આત્માઓ એક સરખા છે. તમોને કોઇ દુઃખ આપે તો જેમ તમને દુઃખ થાય છે તેમ તમો અન્યજીવોને મારો છો, સંતાપો છો, તો તેથી તેઓને દુઃખ થયા વિના રહેતું નથી. તમારો અન્તરાત્મા અન્યજીવોને દુઃખ આપતાં પ્રથમ વારે છે. તેનો તમે વિચાર કરો. કોઇના પણ આત્માને દુઃખ આપવું તે તમારા આત્માને દુઃખ આપવા બરોબર છે.

સર્વ જીવો તમારા બન્ધુ છે. તમારા સમાન છે. કર્મથી – પ્રત્યેક જીવોનાં શરીર ભિન્ન ભિન્ન રચાયાં છે. આત્માની ભિન્નાઈ શરીરના સંબંધથી નથી દેહના સંબંધથી નથી પણ આત્મા સ્વરૂપથી. સર્વ આત્માઓની સાથે સંબંધ હોવાથી એક બીજાના વિરૂદ્ધ અનંત અતીતકાલથી જે જે ખરાબ લાગણીઓ થઈ હોય એક બીજાનો ઘાત કર્યો હોય તે હવે સમજીને મન વચન કાયાવડે ખમાવો !!

તમો એક બીજાના મિત્રો છો. મિત્રવર્તનને પ્રવૃત્તિમાં મૂકવાને શુદ્ધ અંતઃકરણથી પ્રતિજ્ઞા કરી મૈત્રીભાવમાં જોડાઓ. બાલ્યાવસ્થાથી આરંભીને પશુ, પંખી, મનુષ્ય વિગેરે જે કોઇ જીવો તમારા સંબંધમાં આવ્યા હોય, તેની સાથે તમો અનિષ્ટ સંબંધથી વર્તી-ક્રોધ, હિંસા, આદિ જે જે દોષો કરી મલિન બન્યા હો તો તે માટે તમારા આત્માને ખમાવો !! મિત્રો !

હે મિત્રો ! તમારા પશુઓ, તમારા નોકરો અને તમારાં પાળેલાં પંખીઓનો આત્મા એક સરખો છે. વસ્તુગતે આત્માઓના શુદ્ધ સ્વરૂપપ્રતિ દૃષ્ટિ દેશો તો પ્રત્યેક આત્માઓ એક સમાન છે. કોઇ આત્મા ઉચ્ચ કે નીચ નથી. ઉચ્ચ અને નીચપણું કર્મજનિત સમજી કોઇને નીચ દુર્જન આદિ શબ્દો કહી દુઃખવશો નહિ. કર્મયોગે ઉચ્ચત્વ અને નીચપણું પ્રત્યેક જીવને પ્રાપ્ત થાય છે. માટે પુનઃ પુનઃ હૃદયમાં વિવેકદૃષ્ટિથી વિચારી સર્વ જીવોપર સમાન દૃષ્ટિથી દેખી સર્વનું ભલું કરવાની બુદ્ધિ ધારી મૈત્રીભાવનાની પુષ્ટીથી આત્માનંદ સાધશો.

ચોર, નફફટ, લુચ્ચા, પાખંડી, બદમાશ પાપી, દુર્જન, નિર્દય કપટી, દગાખોર વગેરે શબ્દોથી તમો અન્ય જીવોની લાગણીઓને કદી દુઃખવશો નહિ. તમો એવા ખરાબ શબ્દો બોલીને બીજાનું ભલું કરી શકવાના નથી. તેમજ એવા ખરાબ શબ્દોથી ઉલટા લોકો બોલનાર ઉપર શું દોષ અને ક્રોધની લાગણીથી નથી જોતા ! શા. આ બાબત જુવે છે. જ્યારે એમ છે ત્યારે તમો ભૂંડા ત્યાંથી કરી સગુણીને મિષ્ટ શબ્દો ! મનુષ્ય પ્રતિ વર્તન ચલાવશો તો મૈત્રીભાવનાની પુષ્ટિ થશે.

# "તૃષ્ણાની અગાધ સરિતા"

લે. પ. પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રપ્રભસાગરજી
"ચિત્રભાનુ"

સરિતા તો મેં ઘણીએ દીઠી છે, પણ આ તો કોઈ અલૌકિકજ છે! મને તૃષા તો જણાય નહોતી, પણ આને જોતાંજ તૃષા જાગી, હોઠ સુકા લાગ્યા, અને જનમ જનમના તરસ્યાની જેમ સરિતા ભણી દોટ મૂકી, જે જીભ આજ સુધી કહેતી હતી કે મારે કંઈ આસ્વાદ કરવો નથી, તેજ જિહ્વા આજે મસ્ત બનીને જલપાનની મહેફીલ માણી રહી છે!

રે—રે! મારી આંખને આ શું થયું! કંઈ પણ જોવાની ના પાડનારી આ આંખ નિર્મળ નીર જોઈ આજે કેમ વિહ્વળ બની ગઈ છે! યુગયુગનાં દર્શનની પ્યાસ જાણે ચિર-નિદ્રામાંથી આળસ મરડીને જાગી ઉઠી ન હોય!

ઘ્રાણ તો કહે છે, કે સુરભિ જેવું આ જગતમાં હવે કંઈ રહ્યું જ નથી, એજ ઘ્રાણને સરિતાના નીરની સુરભિ નંદન વનની કુસુમ-સુરભિથી પણ અદ્ભુત લાગે છે!

કાન કહેતા હતા કે ઘણું સાંભળ્યું; હવે સાંભળવાનું બાકી શું રહ્યું છે! પણ અત્યારે તો એજ કાન કેવા સમાધિસ્થ બની ગયા છે! સરિતામાં ઉછળતા એક એક તરંગને યોગી આત્મનાદ સાંભળે તેમ એ સાંભળી રહ્યા છે!

આ વૃદ્ધ અને અનુભવી કાયાને તો મારે શું કહેવું! પરલોકમાં પ્રયાણ કરવા તો શય્યા ઉપર શયન કર્યું છે, પણ આ સરિતાના સંગ પછી તો એ કોઈ નવ યૌવના યુવતીની છટાથી આ મહા સરિતાનાં જલક્રીડા કરવા ઉતરી પડી છે. એના અંગેઅંગમાંથી જાણે આનંદની છોળો ઉછળી રહી છે!

હું માનતો હતો કે મારું મન તો હવે વૃદ્ધ થયું છે, એને કોઈ સ્પૃહા નથી આજની વાત કહેતાં તો હું લાજી મરું છું. આજ સવારથી હું એને હુંઢું છું. અને પુકારું છું, ઓ મન! તું ક્યાં છે! પણ એ ક્યાંય દેખાતું નથી. સરિતાના કયા ભાગમાં નિમગ્ન બન્યું હશે!

શૂન્ય બનેલા મેં પૂછ્યું 'રે', કોઈ બતાવો, આ સરિતાનું નામ શું છે?

ત્યાં તો ભગવાન મહાવીરનો નાદ સંભળાયો; "આ" સરિતાનું નામ છે. તૃષ્ણા:-

# શ્રી પર્વકર્તવ્ય ગીત

રચયિત્રી— પાર્શ્વચંદ્રગચ્છીય પૂ પ્ર. શ્રી ખાંતિશ્રી મ. ના
પ્રશિષ્યા સાધ્વી વસંતપ્રભાશ્રી

રાગઃ— વાયરા ધર્મતણા વાવા લાગ્યા.

દિવસો આવ્યા છે તપ કરવાના, વાહ વાહ કેવા મજાના
દિવસો આવ્યા છે ધર્મ કરવાના, કે ભરી લેજો પૂન્ય ખજાના



અઠ્ઠાઇ કરજો, સોળ ભતુ કરજો,
માસ ક્ષમણના, ભાવને ધરજો,
એનો સંસાર કટ કરવાના, વાહ વાહ....દિવસો ૧

ક્ષમા પર્વ આવે, શુભ સંદેશ લાવે,
ભવિજનો તો મુખ મલકાવે;
એથી વૈર વિરોધ ટાળવાના વાહ વાહ....દિવસો ૨

માયા મમત નાશે, કુમતિ દૂર જાશે,
ચંડાળ ચોકડી તો દૂર પલાશે,
એથી અંતર પટ ખીલવાના, વાહ વાહ....દિવસો ૩

મનના કલેશો કાઢી, શાંતિ રાખો ઝાઝી,
આત્મદેવ તમારા, થાશે રાજી
તમે અખંડ આનંદ પાળવાના, વાહ વાહ....દિવસો ૪

ગુરૂજી સુણાવે, વીર વાણી પાન કરાવે,
સારા સારના, મૂર સમજાવે,
એને સમજીને પર્વ પૂજવાના વાહ વાહ....દિવસો ૫

ક્ષમાપના કરજો, સાથે શીલને સમતા ધરજો,
સાચા ભાવે મિથ્યા દુષ્કૃત વંદજો,
એ....મ વસંત વેણુ ઝીલવાના વાહ વાહ....દિવસો ૬

# 'પર્વાધિરાજ પર્યુષણ'

લેખક:— શ્રી વાડીલાલ જીવાભાઇ ચોકસી એમ. એ.
પ્રોફેસર પાટણ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ પાટણ
ભૂતપૂર્વ ફેલો અને લેકચરર ગુજરાત કોલેજ અમદાવાદ

('બુદ્ધિપ્રભા'માં આ અંકથી એક નવી કલમનો ઉમેરો થાય છે. લેખક પ્રાચીન સાહિત્યના સંશોધનમાં કામ તેઓ કરી ગયેલા છે. ઉપરાંત તેઓ પાટણ કોલેજમાં કાર્ય અર્ધમાગધી અને ગુજરાતીના પ્રોફેસર તરીકે રહેલા છે, અનેક કાર્યોમાં પ્રવૃત્તિમય હોવા છતાં તેઓ તેમની કલમનો લાભ આપતા રહેશે. આશા છે કે વાચકગણ આ કલમનો સારો લાભ ઉઠાવશે. —તંત્રીઓ)

પર્વોના મહારાજા પર્યુષણ કેવું સુંદર રૂપક! સર્વ પર્વોમાં સર્વોત્તમ પર્વ પર્યુષણ. પર્યુષણનું આગમન સાંભળે ને જિનભક્તમાત્રનું હૃદય આનંદમાં ગરકાવ બને. કારણ? સારાં સારાં વસ્ત્રો પહેરવાના મળે, મિષ્ટ ભોજનની પ્રાપ્તિ થાય, સુંદર ઘરેણાં પહેરવાનો અવસર મળે અને પ્રવૃત્તિમુક્ત વાતાવરણમાં મોજમજાહ અને આનંદમાં દિવસો પસાર થાય માટે? ના, ના. કનિષ્ઠ કોટિનો વિચાર! ચેતન આત્માને વિસરી જડ શરીરને રાજી રાખવાની આતો વાત થઈ. એ વિચારતો ક્યાં રોજ પણ નથી આવતા નથી હતાં? ત્યારે પર્વાધિરાજનું મહત્વ શું? એ મહત્વ તીર્થંકર પરમાત્માઓને યાદ કર્યા વિના—તેમને નમસ્કાર કર્યા વિના કદી યાદ નહિ આવે. ત્યારે પર્વાધિરાજનો વિચાર કરતાં પહેલાં તીર્થંકર પરમાત્માઓનેજ પ્રથમ યાદ કરીએ. આચાર્ય હરિભદ્રસૂરિના નીચેના શબ્દોમાં તેમને સ્તવીએ.

पणमह विजियसुदुज्जयनिसुरमणुयविसमसरपसरं ।
तिहुयणमङ्गलनिलयं वसहगइगमं जिणं उसहं ॥ १

परमसिरिवद्धमाणं पणट्ठमाणं विसुद्धवरनाणं ।
गयजोयं जोइसं सयंभुवं वद्धमाणं च ॥ २ ॥
सेसे चिय बावीसे जाइजरामरणबंधणविमुक्के ।
तेलुक्कमत्थयत्थे तित्थयरे भावओ नमह ॥ ३ ॥

જેમણે દેવ તથા મનુષ્યને હરાવનાર તથા દુર્જય એવા કામદેવ ઉપર વિજય મેળવ્યો છે, જે ત્રિભુવનમાં મંગળનું સ્થાન છે અને જેમની ગતિ વૃષભ જેવી છે તે શ્રી ઋષભદેવને નમસ્કાર કરો. (૧)

જેમની પરમ શોભા વધતી જાય છે, જેમણે અભિમાનનો નાશ કર્યો છે, જેમણે વિશુદ્ધ ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે અને જે યોગમાં લીન એવા યોગીશ્વર છે તેવા સ્વયંભૂ વર્ધમાન સ્વામીને તથા બાકીના બાવીશ તીર્થંકરો જે જન્મ જરા મરણના બંધનથી મુક્ત છે અને જેમનું સ્થાન ત્રિલોકના મસ્તકે છે તેમને ભાવથી નમસ્કાર કરો. (૨, ૩.)

તીર્થંકર દેવોને નમસ્કાર કરીને આપણને આચાર્ય હરિભદ્રસૂરિ કહે છે તેમ તીર્થંકરોની માફક દુર્જય કામદેવ ઉપર વિજય મેળવીને, અભિમાનનો નાશ કરીને, વિશુદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરીને, યોગમાં, ધ્યાનમાં લીન બનીને, જન્મ-જરા મૃત્યુના બંધનથી મુક્ત થઈને તેમના જેવા જ તીર્થંકર બનવાની ભાવના રાખવાની છે. આ બને કેવી રીતે? તેમણે પ્રરૂપેલાં ધર્મને યાદ કરવાથી અને આચરવાથી.

તીર્થંકરોએ પ્રરૂપેલો ધર્મ કયો? कुम्मापुत्तचरियं (કૂર્માપુત્રચરિત્ર) માં અનંતહંસગણિ એ ધર્મ ટુંકમાં નીચે પ્રમાણે સમજાવે છે.

छज्जीवनिकायाणां परिपालनमेव विजये धम्मो ।

ષટ્ જીવનિકાયનું રક્ષણ એજ ધર્મ છે.

આથી સમજાય છે કે તીર્થંકરોએ બતાવેલો ધર્મ સમજવા અને આચરવા માટે છ પ્રકારના જીવોનું જ્ઞાન અવશ્યક છે. સાચા જિન ભક્તોને તો તે બાળગુટીમાંથી જ મળે છે. પર્વાધિરાજ પર્યુષણનું એ આહ્વાન છે. એ કહેવું છે કે સમસ્ત વિશ્વ, સમસ્ત જગત અને વિશેષે કરીને સમસ્ત જૈન આલમ એ પર્વના પવિત્ર દિવસો દરમિયાન એ છએ પ્રકારના જીવોનું રક્ષણ થાય એ પ્રમાણે પોતાનું જીવન જીવે-વિતાવે. માનવીના જીવન સાથે એ જીવરક્ષા વણાય તે માટે કલ્પસૂત્રકારે પર્યુષણમાં કરવા યોગ્ય પાંચ આવશ્યક કાર્યો (વિકલ્પે અનિવાર કાર્યો) બતાવ્યાં. (૧) અભયદાન, (૨) સ્વામીવાત્સલ્ય (૩) ચૈત્યપરિપાટિ (૪) અઠ્ઠમ તપ અને (૫) ક્ષમાપના આ પાંચેમાં પ્રથમ સ્થાન અભયદાન-જીવરક્ષાને આપ્યું. પર્યુષણ પર્વના દિવસોમાં એવી રીતે જીવો કે જીવોની રક્ષા થાય- છએ કાયના જીવોને અભયદાન મળે-જગતમાં ઓછામાં ઓછી હિંસા થાય. બીજાઓને પણ અભયદાન-જીવદયા શીખવો જગતમાં જીવદયાનો અમલ થાય તેમ કરો. જિનેશ્વર દેવોની આ સૌ પ્રથમ અને સૌથી અગત્યની આજ્ઞા છે. આ આજ્ઞાને પાળનાર છએ કાયના જીવોને અભયદાન આપનાર સર્વ સ્ત્રી પુરુષોને ભક્તિભાવપૂર્વક જમાડો એ પણ ધર્મ-એ બધા તમારા ધર્મબંધુઓ-મુક્તિમાર્ગના સહયાત્રીઓ એમનો આદર કરવો એમને ભક્તિભાવપૂર્વક જમાડવા એટલે સ્વામીવાત્સલ્ય. એ અભયદાન અને એ સ્વામી વાત્સલ્યની ભાવના આવે ક્યારે! જિનેશ્વર દેવોનાં તીર્થંકરોના ચૈત્યો અને મૂર્તિઓનાં દર્શન અને સ્તવન કરો ત્યારે માટે પર્યુષણ પર્વમાં ત્રીજું અગત્યનું આવશ્યક કાર્ય ચૈત્યપરિપાટી તીર્થંકરોના દર્શન સ્તવનથી તપ અને ક્ષમાપના તો યાદ આવ્યા વિના રહેજ કેમ? સર્વસામાન્ય જીવો માટે સૌથી ઉત્તમ તપ અઠ્ઠમનું તપ-ભાવપૂર્વક કરાય તો મુક્તિ અપાવે તેવું તપ. ઐહિક અને પરલૌકિક સર્વ પ્રકારના સુખ અપાવે તેવું તપ. કેટલાયે મહર્ષિઓએ એ તપ કર્યું અને મુક્તિ સુખ મેળવ્યું. આપણે પણ આદરવા જેવું, અને 'ક્ષમાપના' એ તો જૈનધર્મની અને તેમાંયે પર્યુષણાપર્વની ખાસ આવશ્યક ક્રિયા. સંવત્સરી એટલેજ 'ક્ષમાપના દિન' 'ક્ષમાપના'ન કરે એની સંવત્સરી નહિ, એના પજુસણ નહિ. બારમાસ દરમિયાન-વર્ષ દરમિયાન આચરેલાં પાપાદિનો પશ્ચાતાપ ન કરે-જેવું જેવું અનિષ્ટ કર્યું હોય, સેવ્યું હોય કે ચિંતવ્યું હોય તેની માફી ન માગે ક્ષમાપના ન કરે તે સાચો જૈન નહિ અને તે પણ નાના યા મોટા તપ સહિત. આ એકજ પુણ્ય એવો કે સાચા ભાવથી અમલમાં મૂકાય તો બારે માસના પાપ ભાંગીને ભૂકો થાય. ગુરૂ આદિસમક્ષ એની વિનય આદિપૂર્વક વિધિ થાય-પ્રતિક્રમણ થાય. કેવું એ ભવ્ય વાતાવરણ! નજરે જોનાર યુરોપીયન વિદ્વાનોએ એ શિસ્ત, શાંતિ અને ભવ્યતાનાં ભારોભાર વખાણ કર્યાં છે. પરંતુ અફસોસની વાત છે કે જરૂરી તત્ત્વજ્ઞાન અને ધર્મજ્ઞાનના અભાવે આજના યુવક યુવતીઓ એ ભવ્ય શિસ્ત અને શાંતિની સર્વશ્રેષ્ઠ આધ્યાત્મિક કલ્યાણની ક્રિયાને અવિનયી શિષ્ટતાના અભાવવાળી અને ફારસરૂપ બનાવી રહ્યા છે, દોષ એમનો નથી એમનાં અજ્ઞાનનો છે. પણ યાદ રાખો અજ્ઞાનથી કરેલાં કર્મ પણ છૂટતાં નથી જગતના ઘણાં દુઃખોનું મૂળ અજ્ઞાનજ છે. સાચું જ્ઞાન મેળવી સાચી રીતે ક્રિયા કરો તોજ સાચું આત્મકલ્યાણ છે-તોજ પજુસણ પર્વની આરાધના છે. અજ્ઞાનથી કરો પણ વિનયથી કરો શિસ્તથી કરો ત્યાં સુધી વાંધો નહિ પણ અજ્ઞાનથી કરો અને અવિનય અને અશિસ્તથી કરો તો તે આરાધના નહિ પણ વિરાધના છે આત્મકલ્યાણકારી નહિ પણ આત્મકલ્યાણઘાતક છે. આવતા પર્યુષણા પર્વમાં આટલું યાદ રહેતો પણ ઘણું આત્મશ્રેય

થાય તેમ છે. પર્યુષણામાં ભાઈઓ ભેગા મળવાનું છે. પેંધાર અને બાંધજ કરવા નહિ પણ તપ, સ્વાધ્યાય આદિથી આત્માને નિર્મળ બનાવી આધ્યાત્મિક સ્થાપના કરવા માટે-વિધિ દેખાવમાં નહિ. જેની ક્ષમાપના સાચી એની સંવત્સરી સાચી, જેની સંવત્સરી સાચી એના પર્યુષણા પર્વ સાચાં. બાકી પર્યુષણ તો વર્ષોવરસ આવે છે અને જાય છે રે ભવ્યો આરાધે છે, અભવ્યો વિરાધે છે. તમે શું કરશો? જવાબ તમારે આપવાનો છે

जइ इच्छह परमपयं अहवा कित्तिं सुवित्थडं भुवणे।
ता तेल्लोकुद्धरणे जिणवयणे आयरं कुणह॥

જો પરમપદ મોક્ષની ઇચ્છા હોય અથવા જગતમાં સારી ફેલાયેલી એવી કીર્તિની ઇચ્છા હોય તો ત્રણે લોકનો ઉદ્ધાર કરનાર જિનના વચનનો આદર કરો.

---


## અધ્યાત્મ જ્ઞાનનો અખૂટ ખજાનો

— યાને —

## શાશ્વતાત્માનો અદ્ભૂત શણગાર?

★ પૂજ્યપાદ યોગનિષ્ઠ વિશ્વવિરલ દિવ્ય વિભુતિ અધ્યાત્મજ્ઞાન દિવાકર ★
શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી કૃત
અધ્યાત્મજ્ઞાન રસથી ભરપુર શ્રી કર્મયોગાદિ મહાન
એકસોને આઠ ગ્રન્થો

વાંચો?.... વંચાવો?.... વસાવો?...

અને અવશ્ય લાભ મેળવો.

# શ્રી આધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ

૩૪૭-કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨

★ સહાયક સભ્યો થવાના પ્રકારો ★

રૂ. ૨૦૦૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો તથા સંસ્થાઓ પ્રથમ વર્ગના પેટ્રન ગણાશે.

રૂ. ૧૦૦૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો તથા સંસ્થાઓ બીજા વર્ગના પેટ્રન ગણાશે.

રૂ. ૫૦૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો તથા સંસ્થાઓ ત્રીજા વર્ગના પેટ્રન ગણાશે.

રૂ. ૨૫૦) અને તદુપરાંત રકમ આપનાર સભ્યો લાઇફ મેમ્બર ગણાશે. તેમજ ઓછી રકમ આપનાર સામાન્ય સભ્ય ગણાશે અને સગવડતાએ ખૂટતી રકમ આપવાથી લાઇફ મેમ્બર બની શકશે.

શ્રી મંડળ તરફથી તમામ પ્રગટ થતા નવા ગ્રંથો પ્રથમ તથા બીજા વર્ગના પેટ્રનોને ૨ ૨ નકલો તેમજ ત્રીજા વર્ગના પેટ્રન તથા લાઇફ મેમ્બરને ૧ ૧ નકલ ભેટ આપવામાં આવશે.

# "આશાનાં અધૂરાં ગીત"

લેખિકાઃ— કુમારી ઉષાબેન જોષી. (ધૂમકેતુ)
બી એસ. સી એમ. એડ

આજે માનવ જે જે ભૌતિક સુંદર પદાર્થો જુવે છે તે તે મેળવવા પ્રયત્ન કરે છે પણ એના પરિણામોના ભય કરતાનો કદી વિચાર કરતો નથી... જાણે આશાઓ કલ્પનાઓ અને સ્વપ્નમાં માનવ તણાયેજ જાય છે અને તે પહોંચવા ધારેલા સ્થાન કરતા વધુ આ વાર્તા કહેશે —તંત્રીઓ

એ અંધવાંસળીવાળાને દોરીને આવેલી તેની સ્ત્રી થોડીવાર આલીશાન બંગલાની બહાર ઉભી રહી, અંદર જવું કે ન જવું, તે નક્કી ન કરી શકી ઝાંપામાં એ ડગલાં ભર્યાં, ને તરતજ એ પાછી હટવા માંડી તેને ડર હતો, એ વૈભવભર્યું વાતાવરણ કદાચ એના જેવા ગરીબ ભિખારીને તરછોડી ને બહાર મોકલી દેશે એના કરતાં બહેતર છે કે બહાર ઝાંપે ઉભા રહેવું ગરીબી તો હતી. છતાં તેના વરની આવડતને લઈને, તેનામાં સ્વમાન આવેલું હતું.

એનો અંધ સ્વામીતો, શું આ આલીશાન મકાન કે શું ઝુંપડી, પોતાના આનંદમાં મસ્ત, બસ, વાંસળી વગાડયેજ જતો હતો એને ખબર પણ ન હતી કે પોતે ક્યાં આવ્યો છે! બહાર ઉભો છે કે અંદર! વૈભવમાં ઉભો છે કે ગરીબીમાં? વૈભવ કોને કહેસે શું તેની કલ્પના પણ એની પાસે ન હતી. કારણ કે બાળપણથી સમજુ થયા પહેલાંજ તેની આંખોનું તેજ બળિયાના રોગમાં લુંટાઈ ગયેલું, તેણે દુનિયાના રંગ સગી આંખે જોયેલા નહિ એટલેજ એ અંધ હોવા છતાં પણ પોતાની સ્વરની દુનિયામાં સુખી લાગતો એને વધુ સુખી એની વાંસળીએ બનાવ્યો. એનું વધુ ભર્યું જીવન એની ઘરવાળીએ બનાવ્યું. એ બન્નેનું ગરીબ જીવન સંપૂર્ણ સુખી છે તેની સાબીતી તેમનો આંધળાની આંખ સમો સકનો એક નાનકડો પુત્ર આ તો એના કાલી કાલી ભાષા એના અંધકારભર્યા જીવનમાં અમી છાંટણાં નાખી જતી અંધવાંસળી વાળો કેટલીકવાર બોલી પણ જતો

બેટા તારી બોલીમાં આટલી બધી મીઠાશ છે, તો તારું મોં કેવું...' એનું વાક્ય અધૂરું રહી જતું. એ અધૂરા રહેલા વાક્યને અંધ વાંસળીવાળાની સ્ત્રી જાણે કે મૂંગાપણે પૂરું કરતી હોય તેમ, એ સાંભળતાં, તેના આંખમાંથી ટપક ટપક આંસુ ખરવા માંડતાં!

એ વખતે નિર્દોષ બાળક બોલી ઉઠતો: "મા ડી! તું કેમ રડે છે?"

બાઈ તરતજ બાળકના મોં ઉપર દાબીને તેને બોલતો અટકાવતી—રખેને તેનો બાપ સાંભળી જશે. તો તેને દુખ થશે. પણ આ અંધના માટેનો કોઇ ઉપાય કયાંય ન હતો. એટલે વળી પાછું મનને મનાવી લીધા સિવાય છૂટકો ન હતો.

વાંસળી ઉપર આ અંધે જે સિદ્ધિ મેળવી હતી, તે સિદ્ધિએ તેમને કદી ભૂખ્યાં સુવાડયા ન હતાં. એ વાંસળીમાંથી નીકળતી સૂરાવલિએ

કેટલાયને રડાવ્યા, કેટલાયને ડોલાવ્યા, કેટલાયને પીગળાવ્યા સાંભળનારા થાકે નહિ. વગાડનાર છેવટે થાકી જાય, એવો એ વાંસળીવાળા પાસે જાદુ હતો! એ વાંસળીમાંથી નીકળતા મધુરા સંગીત પાસેથી બધા પ્રકારના રસો મળતા પણ એમાંથી જ્યારે અંધની પોતાની દર્દની કહાણી નીકળતી, ત્યારે, તો ભલભલાં કઠણ મનવાળાંય એમાં પીગળીને લીન થઈ જતાં વધુ ને વધુ સાંભળવાને લલચાતાં. એવી એની ખુબી હતી. એની વાંસળી બધી ભાષા બોલી શકતી. આજે, વૈભવશ્યાં બંગલાના ઝાંપાની બહાર ઊભા રહીને, એણે પોતાની વાંસળીને મુક્ત મને દુઃખની વાતો ગાવા દીધી. એ સુખવશ બંગલામાં રહેતા શેઠને કાને પડી એ પોતે બહાર આવ્યો, થંભ્યો, સાંભળી રહ્યો. એણે દૂર નજર કરી પણ કોઈ દેખાયું નહિ, એટલે ભૈયાને કહ્યું :

“ભૈયા, જો બજતા હૈ, ઉસકો બોલો, યહાં બૈઠ કર બજાવે બાંસુરિયાં !”

“જી, હાં !” કહીને ભૈયો આજ્ઞાનું પાલન કરવા ગયો. એણે વાંસળીવાળાને બંગલામાં અંદર આવવાનું કહ્યું : બાઈ, માનસહિત તેના પતિને દોરીને, અંદર પેઠી. એ માનનો ભાવ તેના મોંઢા ઉપર તરવરી ઊઠ્યો. પોતે કંઈ આનંદમાં આવી ગઈ. તેણે આ તક પકડવા માટે અંધપતિને કહ્યું :

“કંઈક આનંદનું વગાડોને! આવું રોવું આવે એવું, કેમ વગાડો છો! આ તો શેઠનો બંગલો છે.”

બંગલો કેવો હશે ? અંધે વિચાર કર્યો પણ આજે એની બંસી રુદન–ગીતે ચડી ગઈ હતી. એણે એને માંડમાંડ મનાવી. તે આનંદ હેલી વરસાવવા માંડ્યો. એની સ્રીના આનંદસ્વરે તેને આનંદી કરી મૂક્યો.

ક્રોધ જાતનો તિરસ્કાર થવાનો ડર હવે તેની સ્રીને ન હતો. વૈભવશ્યાં વાતાવરણે પણ તેમને અવકાર્યાં હોય તેમ, ત્યાં પક્ષીઓએ કિલકિલાટ કરી મૂક્યો! બગીચાનાં ફૂલોની સુગંધી અને શીતલતા લઈને વાતો વાયુ, મોકળા મને એ બધાને ભેટ્યો! રંગ બેરંગી પતંગીયાં એ સંગીત સાંભળી વધુ ને વધુ આ ફૂલ ઉપરથી પેલા ફૂલ ઉપર ઊડવા મંડયાં, અને પેલાં લાલ, ગુલાબી, પીળાં અને ધોળાં ગુલાબનાં ફૂલોએ તો જાણે અંદર અંદર હસવાજ માંડ્યું !

ફૂલની પાસે પણ એમનો આનંદ વ્યક્ત કરવાની ફૂલભાષા હોય છે

અને લીલાછમ ઘાસે આવીને એ બધાને પોતાના ખોળામાં આળોટવાનું આમંત્રણ આપ્યું !

માળીએ સવારે છાંટેલાં પાણીને લઈને બનેલાં કેટલાંક જળબિંદુઓ પાંદડીએ બેસી રહ્યાં હતાં. તેમને સૂર્યની સામે જાણે કે લડવા માંડ્યું ! અમને થોડી ઘડી તો રહેવા દે, આટલું તો સાંભળવા દે!”

સૌથી વધુ આનંદ પેલાં નાનાં નાનાં ફૂલોના છોડને થયો હોય તેમ, બધા છોડવાઓએ ડોલી ડોલીને તાલ પુરાવ્યો! પણ રોજ ગંધથી ગાતું કુકડુમ, કોણ જાણે આજે ક્યાં છુપાઈ ગયું હતું તે ખબર ન પડી! કદાચ એ શોકમાં પડ્યું હશે. એના કંઠનો કોઈ હરીફ આવ્યો કે શું! પણ એને વાંસળીએ કંઈક ખાતરી આપી.

ભાઈ, તું તારે તારું અખંડ સામ્રાજ્ય ભોગવજે. હું હમણાં પાછી ચાલી જઈશ, એટલે વળી પાછું એ છુપાઈને ડોકિયાં કરવા માંડ્યું !

આગળ ભવ્ય બગીચો, તેમાં થઈને પસાર થતું અનુપમ સંગીત, એ બન્નેની આગળ એ આલીશાન બંગલો જડ અને ઝાંખો લાગ્યો. બંગલાની બહાર આનંદની છોળો ઉડતી હતી,

બંગલામાં અખુટ સમૃદ્ધિ ભરી હતી, અને છતાં ખુબીએ હતી કે, કોણ જાણે કેમ ત્યાં હવામાં શોક જણાતો હતો !

આટલા મોટા બંગલામાં વસનાર એક ખખડી ગએલો વયોવૃદ્ધ ડોસો માત્ર હતો, બીજું કોઈ કહેતાં કોઈ, ત્યાં ન હતું ! એટલે એ વૈભવ જાણે કે ખાવા ફાડતો હોય તેવું ડોસાને લાગતું હતું. નોકર ચાકર માળી, ભૈયા, રસોયા મુનિમ વિગેરેનો રસાલો હતો પણ છેવટે તો એ બધા શેઠના નોકર હતા એમનો શેઠ જોડેનો સંબંધ નોકરી પુરતો હતો. ડોસાના દેખાવ ઉપરથી તેની જીવનયાત્રા પુરી થવા આવી હોય તેવું લાગતું હતું. આંખે ઓછું દેખાતું, લાકડીના ટેકાથી માંડ ચાર ડગલાં ભરે ત્યાં હાંફી જાય, વધુ શ્રમ પડે, તો આખું શરીર ધ્રુજી ઉઠે. ઉંઘનું નામ નિશાન નહિ રાતે કેમ ઊંઘે, એટલે જેમ તેમ કરીને રાત પસાર કરે! એકમાત્ર શ્રવણ શક્તિ સારી રહેલી. બાકી બધીજ ઇન્દ્રિયો ખોટા જેવી થઈ ગઈ હતી. જમવા બેસે તો એમ ને એમ ભરેલું ભાણું પાછું જતું. પચાવવાની તાકાત નહિ, પછી શું ખાય? પાસે બેસીને મિઠાશથી એકાદ કોળીયો ખવરાવે તેવું કોઈ પ્રેમી જન પણ ન મળે! કોઈ વારસ પણ ન મળે!

વારસ તો હતો—બાપની આળ રાખે તેવો એક દીકરો હતો—પણ તે ડોસાના કમનસીબે વહેલો માર્યો ગયો, એટલે કોઈ ન હતું !

બીજો તેનાથી નાનો હતો પણ તે વૈભવને ન જીરવી શક્યો, વધુ પડતો સુધરી ગયો. તે પરદેશ ગયો તેને ગોરાઓના દેશની મોહિનીએ પાછો જ આવવા ન દીધો એનું તો કંઈ નહિ, પણ બાપ સાથે એક કાગળ પુરતો પણ એણે સંબંધ ન રાખ્યો ! છતાં પણ બાપે તો પોતાની ફરજ બજાવવાની ચાલુ રાખેલી. દર અઠવાડીયે કાગળ લખાવ્યો જ હોય ! અને તે દરેક કાગળમાં ઘરડા બાપે, પાછા આવવાની આજીજી કરી હોય. એમાં આગ્રહ હોય, વિનંતી હોય, ઝુરતા હૃદયની એક માંગ હોય. પણ એ કમભાગી યુવાનના હૃદય ઉપર એની કંઈ અસર ન પડી. તેના પત્રોનો કોઈ પ્રત્યુત્તર ન મળ્યો !

ડોસા પાસે છેવટે તો એક આશાનો તંતુ માત્ર સજીવ હતો— એ એને સજીવન રાખતો- કે જરૂર એક દિવસ આવશે અને એ આશામાં ને આશામાં ડોસો એક પછી એક દિવસ વિતાવ્યે જતો હતો. આ આશા ડોસાને જીવન જીવવા માટેની તાકાત પૂરી પાડતી !

વાંસળીમાંથી નીકળતું ગીત, જાણે કે પોતાનીજ કથની કહી રહ્યું હોય તેમ. તેને લાગ્યું. એટલે વાંસળીવાળાને અંદર બંગલામાં બોલાવ્યો હતો. એ આવ્યો ત્યારે શેઠે એને કહ્યું

ભાઈ ! અહીં મારી પાસે બેસીને, તું બહાર જે ગીત વગાડતો હતો, એનું એ ગીત ફરીને વગાડ તને મોં માગ્યા પૈસા આપીશ.

“અરે ! એ શું બોલ્યા સાહેબ! પૈસાતો ઠીક! એ પૈસા માટેનું ગીત ન હતું, દિલનું ગીત હતું” અંધવાંસળીવાળાએ જવાબ આપ્યો.

આવા ગરીબને પણ પૈસાનો બહુ મોહ નથી, એ સાંભળીને ડોસાને પોતના વૈભવ પ્રત્યે તિરસ્કાર આવ્યો. તે ન સાંભળે તેમ એ બોલી ઊઠ્યો :

અંધ છે, ગરીબ છે, પણ કેટલો સુખી ! વૈરી છે છોકરો છે કંઠમાં ગીત છે સાથે ફરે છે. કેટલા સુખી ! ડોસાએ નિઃસાસો નાંખ્યો.. સુ ખ અને દુ . ખ ..” ફરીને કંઈ યાદ આવી ગયું હોય તેમ એ બોલ્યો.

“હા ભાઈ, તું તારે વગાડ, કંઈક એવું સંભળાવીશ, કે મન હળવું ફૂલ જેવું બની જાય”.

વાંસળીવાળા એ ગીતમાં એક કથા કહેતી શરૂ કરી હતી. પહેલાં ગીત ગાતો પછી ગીતના એજ શબ્દોને બંસીના સ્વરમાં ઉતારતો, ગીતમાં હતી એક વિધવા ડોસીની કરૂણ કથની.

ડોસીનો એકનો એક દીકરો. વધુ કમાણી કરવાને બહાને, મનને ફોરી પરદેશ ગયેલો, તેને પાછા લાવવા ડોશીએ ત્યાં જતા એક જણ સાથે સંદેશો મોકલ્યો, પણ તેમ એ ન ફાવી. સજીવ સાથે મોકલેલા સંદેશા નિષ્ફળ ગયા, ત્યારે એણે "અજીવના જીવ" એવા નિર્જીવનો આધાર લીધો. ત્યારે છેવટે એણે આકાશના વાદળીને કહ્યું ત્વરિત ગતિવાળા વાયુને કહ્યું" પૂનમના ચાંદને કહ્યું, અંધારિયામાં ચમકતા તારલાને કહ્યું, કુદરતના એક એક સર્જનને એ કહી સુકી કોઈને બાકી ન રાખ્યાં

વાંસળીવાળાએ આ ગીત ઉપાડ્યું બોલતો જાયને, પછી બંસીમાં એજ સ્વરો ઉતારે પણ એમાંથી તો ડોસાની પોતાનીજ વાત ઉભી થતી હતી એ સાંભળતાં એ દ્રવી ગયો. કોઈક એના દિલના તંતુએ તંતુને જાણે હલાવી રહ્યું હતું.

ડોસાની નિસ્તેજ આંખ પાસે હવે આંસુનો ભંડાર ખુલી ગયો હતો. ને આ સાંભળીને કોણ જાણે ક્યાંથી બે ધગધગતાં બિંદુઓ આવ્યાં અને ટપકી પડ્યાં ત્યાંતો ડોસો એકદમ કંઈ યાદ આવી ગયું હોત તેમ વચ્ચે બોલી ઉઠ્યા: "અરે ભાઈ ! થોભ, જરા કે બે ઘડીવાર ઉભો રહે ! ઉતાવળ ન કરીશ !" "મન લખાવી લેવ દે—એણે કોની કોની જોડે સંદેશો મોકલ્યો તે !" "અરે, લેખા !" કહીને ડોસાએ બૂમ પાડી "જી, હાં !" કહીને હંમેશ પ્રમાણે ભોયો હાજર થયો. ડોસાએ ઉતાવળે કહ્યું :

"સેક્રેટરી કુ બધાં આજેકા બોલો" ભોયો બંગલાની ઓફીસમાં કામ કરતા સેક્રેટરીને બોલાવવા ગયો. પણ વાંસળીવાળો તો એકદમ ચમક્યો. તેને થયું. આ શું બોલે છે : "ઉભો રહે, લખાવી લેવા દે !" આ બધું શું હશે ? કેવું-હશે ? તેમાં વળી આંખે દેખાય નહિ. એટલે એ વધુ મુઝાણો. કારણ કે આ ગીતતો તેણે ઘણીયે વાર વગાડ્યું, પણ આવો કોઈ સાંભળવાવાળો મળ્યો નહોતો.

એના ચતુર સ્ત્રી પણ જરા આભી બનીને, આશ્ચર્યથી જોઈ રહી ! એણે પણ કંઈ સમજ પડી નહિ. એને થયું, આ વળી "સેક્રેટરી" શું ? આ અમલદારનું ભવું પૂછો—આપણને કંઈ હેરાન તો નહિ કરેને ! એટલે તેણે ધીરેથી, કોઈ ન દેખે તેમ, તેના ધણીના હાથ દાબીને, ઈશારામાં આગળ ન વગાડવા સમજાવી દીધું. અને ચાલવાને તૈયાર થઈ

બાઈને ઉતાવળી થયેલી જોઈને વૃદ્ધ બોલ્યો, બેન, થોડીવાર બેસ બાપુ પાંચ મિનિટથી વધારે મોડી નહિ કરૂં, વધુ પૈસા આપીને તમને ખુશ કરીશ, પણ મને એ સંદેશા કોની કોની જોડે મોકલ્યો તે જાણી લેવા દે"

ડોસાની મીઠી ભાષા ઉપરથી બાઈને કંઈક વિશ્વાસ આવ્યો. તેના જીવને નિરાંત થઈ, એટલે એ શાન્તિથી બેઠી એવામાં તો સેક્રેટરી આવી પહોંચ્યા એણે કહ્યું: "શેઠ સાહેબ શી આજ્ઞા છે !"

"તમે આવી ગયા ? બહુ સારૂં આ એક અગત્યનું જાણવાનું મળ્યું છે, જરા લખી લો ને"

સેક્રેટરી જરા વિચારમાં પડ્યા એણે આવેલી વ્યક્તિઓ સામે જોયું તેને થયું કે એવું તે શું અગત્યનું જાણવા મળ્યું ! અને તે પણ આ લોકો પાસેથી પણ એની તો ફરજ હતી એટલે એ બોલ્યો : 'બોલો સાહેબ, શું લખું ?

ડોસાએ વાંસળીવાળાને સંબોધીને કહ્યું: "તેં હમણાં જે છેલ્લા લીટી ગાઈ, તે ફરી ગા.'

વાંસળીવાળો સમજ્યો નહિ એટલે તેણે પહેલેથી ગાવાનું શરૂ કર્યું

( અનુસંધાન પાન ૧૭ જુઓ )

# અમર શીખ

—પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરજી મ.

"અપકારી ઉપર અપકાર કરવાથી નુકશાન થાય. વૈર વિરોધાદિ થાય અને વધે પુનઃ તેનો બદલો લેવાની વસુલાત લેવા માટે પ્રયાસ થાય. અને વેર વિરોધાદિકની પરંપરા વધતી જાય. તેથી જન્મોજન્મ વિવિધ વિપત્તિઓ વિઘ્નો ઉપસ્થિત થાય છે તેથી માનવજીવનની સફલતા મળવી અશક્ય બને, તમારે પુણ્યોદયે પ્રાપ્ત થએલ સંપત્તિ સમૃદ્ધિના લ્હાવા લેવા હોય તો અપકારનો બદલો અપકાર કરીને લેવો નહિ. પણ ક્ષમા ને ધારણ કરી આગ્રહ પૂર્વક પ્રેમથી વાળો વાળશો તેથી સહારો મળશે. એકતા સંધાશે અને પ્રેમ વધતાં અપકારનો બદલો નહિ લેવાથી ઉપકાર કરનાર મળી આવશે, તમો જાણો છો. વિરોધ વેરની વસુલાત વિરોધાદિક કરવાથી વધે, ઘટે નહિ. વિરોધાદિ વાળવું હોય તો. પ્રીતિ ધારણ કરે વેરાદિકપણ વળી જવાનું" તમારી પાસેની સંપત્તિ સામગ્રી. સ્નેહ રાખવાથી સચવાય છે અને વધારો પણ થતો રહે છે "સંભળાય છે કે કાશીનરેશના ઉપર કોસલ નૃપે યુદ્ધની તૈયારી કરી. તેમનો પરાજય કરી રાજ્ય સંપત્તિ સઘળી સ્વાધીન કરવા પૂર્વક ખાના ખરાબી કરી. વગડામાં પણ તેમને જંપવા દીધા નહિ રખેને લશ્કર મેળવી મારી સાથે લડાઈ કરી પોતાનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરે. આવા ભયથી કાશીનરેશને તથા મહારાણીને અને તેના પુત્રને મારી નાંખવા સુભટો મોકલ્યાં. એ અરસામાં નરેશે પોતાના પુત્રને એક માદળીયું આપ્યું. એમાં એક પત્ર હતો તેમાં લખેલ હતું કે વૈરવિરોધનો બદલો વસુલાત, વેરવિરોધાદિકથી લેવો નહિ પણ ક્ષમા ધારણ કરવી. આ અમુલ્ય માદળીયું આપીને કહ્યું કે તને રાજ્યના કરતાં અધિક લાભ આપનાર આ વારસો આપેલ છે તેનું રક્ષણ કરજે રાજ્ય સંપત્તિનો વારસો કાયમ રહેતો નથી. પરંતુ અર્પણ કરેલ માદળીયામાં સુંદર શિખ અને સરસ શિખામણ રૂપી વારસો આ ભવમાં અને પરભવમાં ઘણો લાભ આપશે. અનુકુળતા કરી આપશે. હવે અહિંથી ચાલ્યો જા. માતપિતાએ આવો વારસો આપવો જોઈએ જો પુત્રાદિકનું કલ્યાણ ઈચ્છતા હોય તો. પુત્ર ચાલ્યો ગયો. કોસલનૃપતિએ મોકલેલા સુભટોએ, રાજારાણીને મારી નાંખ્યા. તેમના પુત્રને માલુમ પડતાં ઘોર વેર લેવાની વિચારણા થઈ. તે રાજાને મારી નાંખુ તોજ હું ખરો પુત્ર. આમ વિચારી સેવક સ્વાંગ પહેરી કોસલ રાજાના રાજ્યમાં નોકર તરીકે રહ્યો, દરેક કાર્યોમાં હોશીયાર હોવાથી રાજાએ પોતાના અંગરક્ષક બનાવ્યો. એકદા રાજા અને અંગ રક્ષક તરીકે થએલ બે અશ્વો ઉપર બેસી સહેલગાહે નિકળ્યા. લહેરમાં ને લહેરમાં મધ્યાહ્ન બપોર કાળ થયો તેની પણ ખબર પડી નહી. સૂર્યના તાપથી રાજાને તરસ લાગી. અંગરક્ષકે પાણી લાવી પાયું. આરામ લેવા શિતળ છાયા વાળા વૃક્ષની નીચે કાશીનગરનો પુત્ર જે અંગરક્ષક તરીકે બેઠેલો છે, તેના ખોળામાં મસ્તક મુકી સુઈ ગયા. નિદ્રાએ બરોબર ઘેરી લીધો આ વખતમાં અંગરક્ષક તરીકે રહેલા તેણે વેર લેવાનો વિચાર કર્યો. લાગ સારો મળ્યો છે આવો લાગ પુનઃ પુનઃ મળવો અશક્ય છે. હવે મારા માતપિતાના અને મારા વેરીનું માથું ઉડાવી વેરની વસુલાત લઉં. એમ વિચારી મ્યાનમાંથી તલવાર કાઢી જેવો મારવા જાય છે.

તેવામાં હાથે બાંધેલ માદળીયું નીચે પડયું. નીચે પડેલામાં શું છે, લાવ તપાસ કરૂં. પછી ઘા મારૂં. માદળીઆમાં પત્ર દેખ્યો. પત્રમાં લખેલ શ્લોક વાંચ્યો, અને ઘા મારી શક્યો નહિ એ વખતે રાજા, જાગ્રત થયો. આ બનાવ જાણી રાજાને આશ્ચર્ય થયો, કેમ તરવાર બહાર કાઢી છે? તેણે કહ્યું કે, હું કાશીનરેશનો પુત્ર છું, વેર વાળવા તમારા અંગ રક્ષક તરીકે બન્યો આવ્યો લાગ મળતાં મારી નાંખવાથી કૃતિયોગે તલવાર ઉગામતાં માદળીયું નીચે પડયું તેમાં રહેલ શિખામણ વાંચતાં વેરનો બદલો વેરથી લેવાને બદલે પ્રેમથી વાળવાની વૃત્તિ થઈ, કોશલનરેશને સુંદર વિચાર આવ્યો કે ધન્ય છે! કાશીનરેશને! તેનો રાજ્ય વૈભવ કબજે કરવા પૂર્વક તેઓને મારી નાંખવા પહેલાં અત્યંત લાભદાયક શિખામણ આપી. તેઓનો આત્મા કેટલો ઉચ્ચ હશે! તેમની શિખામણથી મારૂં જીવન રહ્યું. અને રક્ષણ થયું. અને અંગ રક્ષક તલવાર ચલાવી શક્યો નથી. માટે તેનું રાજ્ય પાછું આપવું તેમાં જ મારી શોભા છે. આમ વિચારી નરેશે કહ્યું કે! અંગ રક્ષક તરીકે રહેલ કાશીનરેશના પુત્રની સાથે મિત્રાચારી કરવા પૂર્વક રાજ્ય પાછું આપ્યું. બન્ને નૃપતિઓ સુખી થયા. "માટે અપકારનો" નુકશાનીનો બદલો સામા તરફ નુકશાન કરીને અમર દુઃખી બનાવીને લેવો નહિ. તે અફસોસ કરવા જેવું નથી. ઉપકાર ન થાય પણ અપકાર તો કરવો નહિ જ.

## અંતરની સુવાસ....

શ્રી. રવિશંકર મહારાજ

**આ**પણે બજારમાં ઘી કે તેલ લેવા જઈએ છીએ, ત્યારે લેતાં પહેલાં સૂંઘીએ છીએ. કેરી કે અમરૂતની પણ સોડમ લઈએ છીએ, ચેવો કે બદામ, ચોરી કે ફાડી નથીને એમ નક્કી કરવા તો પણ ચાખી ચકાસીને લઈએ છીએ, માટલા લેવા જઈએ, તો પણ ટકોરા મારીને જ ખરીદીએ છીએ. આમ, આપણે જે કાંઈ પણ ઘરમાં લાવીએ છીએ, તેને સૂંઘીને, ચાખી ચકાસીને, ટકોરા મારીનેજ લાવીએ છીએ, પણ આપણા ઘરમાં જે કાંઈ લક્ષ્મી લાવીએ છીએ, તેને નથી સૂંઘતા, નથી ચાખતા-કે ચકાસતા, કે નથી ટકોરા મારતા, એ તો ગમે તેટલી, ગમે ત્યાંથી, ગમે તે રીતે આવી હોય તો વાંધોજ નહિ. વસ્તુતઃ એક એક કણની જેમ એકએક પૈસો જે કમાઈએ, તેને પૂછતાં શીખો કે, તે ક્યાંથી, કેવી રીતે આવ્યો. નીતિથી, પ્રમાણિકતાથી, ધર્મથી આવેલો છે કે કેમ તે સૂંઘતા શીખો. આપણને એ ટેવ નથી, જે કમાયા તે ચપ દઈને ઘરમાં ઘાલી દઈએ છીએ, પરંતુ આપણે જેમ પથ્થર કે કાચો માલ ઘરમાં ન ઘાલીએ, તેમ અનીતિ, અધર્મ, અપ્રમાણિકતાનો, મેલો પૈસો પણ ઘરમાં ન ઘાલીએ, અને તે લક્ષ્મીને પણ સૂંઘીને લેતાં શીખી જઈએ, તો સુખ શાન્તિ સુવાસ. થઈ જશે............

# અનાદિના અંધારા

લે. પ્રવર્તિની સાધ્વીશ્રી ખાંતિશ્રીજી મ. ધાંગધ્રા

અલૌકિક અંધકાર ભવ ભવાટવીમાં ભ્રમણ કરતો આ આત્મા અપૂર્વ પુણ્ય સંયોગે માનવ ભવ પામ્યો છે. મોહમૂર્છિત માનવીને ચેતનમાં લાવનાર, તિમિરમાંથી જ્યોતિમાં લઈ જનાર, અને આપદ વિપત્તિમાંથી આત્મસંપત્તિને પ્રાપ્ત કરનાર જો કોઈ બલિષ્ઠ સાધન હોય તો માત્ર આ પર્યુષણ પર્વની હૃદય પુર્વકની કરેલી સુંદર અતિ શ્રેષ્ઠ આરાધના જ છે.

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. કારણકે તે હજી અપૂર્ણ છે, કર્મોના શુભાશુભ ફલને પીછાણતા છતાં અશુદ્ધ નિમિત્તોને પામી આવેશના વેગમાં સપડાઈ કષાયોને આધીન બની એક બીજા સાથે વૈમનસ્ય વધારતા વાર કરતો નથી, અને તેથી ફરીને જ આત્મા પોતે અજ્ઞાન સંતાપોને વ્હોરી લે છે. એ વૈર વિરોધ થકી ઉત્પન્ન થયેલા સંતાપોને પ્રક્ષાલન કરવા માટે સમતારૂપી પાણીના કુંડ ગ્રહણ કરીને પર્યુષણ પર્વ જેવું મહાનિમિત્ત આપણી સમક્ષ તૈયાર છે.

હૃદયાંગણની ગુફામાં તારક શ્રી વીર વિભુના આદેશોને સ્થાન આપી વિષયોના અંધારાને, કષાયોના વધતા જતા ધમધમતા ધોધને, રાગના રોગને અને દ્વેષના ધખધખતા ધખારાને ધોઈ નાખવા માટે તપ ત્યાગ સમભાવ અને સકલ જંતુ પ્રત્યે મૈત્રીભાવ રૂપ અમૃત સીંચન મેળવવું એજ મહાન પર્વ પામ્યાની સફળતા છે.

ભવ્ય અને સરલ હોય એને જ પર્વની હૃદય પુર્વક આરાધના કરવાની રૂચી જાગે છે. કારણકે તેના હૃદયમાં પવિત્રતા અને સરળાઈ સાથે ભવનો ભય રહેલો હોવાથી આત્માની ઉન્નતિ કારક ધર્મના ધંધાને વેગપુર્વક આગળ ધપાવી હંમેશાં અડગ અને અખંડ શ્રદ્ધા થકી કર્મ જંજીરને તોડી મોક્ષ સંપત્તિને મેળવી શકે છે.

આ પાવનકારી પર્વ, વૈરના ઝેરને ધોઈ દૂર કરનાર, વર્ષ ભરના પાપોને પશ્ચાતાપના વારીથી પખાળનાર, તૂટ્યા હૈયાને સાંધનાર, ભાગ્યા મનનો મેરુ, કર્મશત્રુથી પરાજીત થયેલાને વિજય અપાવનાર અને અનાદિના અજ્ઞાનરૂપ અંધારાને ઉલેચનાર છે. તેથીજ આ પાવનકૃત પર્વને પામી આપણે સૌ હાથે હાથ મીલાવી, વાડા અને પંથના ભેદોને ભૂલી સદ્ભાવના પ્રગટાવી, પરસ્પર ખમી ખમાવી આત્મ-જ્યોત જગાવીને પાવન બનીએ, તોજ પર્વની સુંદર આરાધના કરી ગણાશે.

લુખ્ખા ખતમ ખામણા કોઈ કાલમાં પણ પાપના પ્રક્ષાલક બન્યા નથી. તૂટેલા હૈયાને સાંધી શક્યા નથી. વૈર વિરોધના વંટોળને વિખેરી શક્યા નથી અને વિખેરી શકશે પણ નહી. એ વાત આપણે ધ્યાનમાં રાખવી જોઈએ.

અનાદિના અંધારા ઉલેચવા હોય તો મહાદેવી મૃગાવતિ અને ચંદનબાળા મહાસતિ જેવા ખમત ખામણા કરવા પડશે. ક્ષુલ્લકમુનિ અને કુંભાર જેવા ખામણા કરવા હવે નહીં પાલવે.

આ મહાન પર્વના પ્રસંશાના ગીતો ઘણાં વર્ષો સુધી ગાયા, એવીજ રીતે આ વર્ષ પણ એવીજ રીતે ફક્ત ગાયનજ કરવાનું ! લુખ્ખા

પ્રશંસા મહત્ત્વના ગાણા ગાવાથી કદી કોઈનું શ્રેય સર્જાયું નથી અને સર્જાવાનું પણ નથી. પર્વના સાચા ઉદ્દેશને આપણા જીવનમાં વણી લઈ ત્રિવિધ યોગોને એમાં જોડી એમાંજ ઓતપ્રોત બનશું તોજ એ આરાધના અને એ પર્વ કલ્યાણકારી નીવડશે. નહીંતર માર્ગમાં રહેલા પાટીયા જેવીજ આપણી દશા સમજવાની.

સમેતગીરી પર ચડતા માર્ગદર્શક તરીકે એક પાટીયું મૂકેલુ છે. અને તે ભોમીયાના નામે ઓળખાય છે. તેના ઉપર એક વેલો ચઢી ધીરે ધીરે આગળ વધી પાટીયાને ઢાંકી દેવા તૈયાર થાય છે, ત્યારે ગુસ્સે થએલું એવું તે પાટીયું તે વેલાને કહે છે કે 'અરે ઓ! ઉધ્ધત વેલા! જરા ભાનતો રાખ'. તું કોના ઉપર ચડી આગળ વધી રહ્યો છે એનો તને ખ્યાલ છે! હું દરેકને માર્ગ બતાવનાર ધર્મગુરૂ છું. અજાણ્યાનો પથદર્શક ભોમીયો છું. અહીં રહેનો એવો હું ઘણા કાળથી પરોપકારનું કાર્ય કરી રહ્યો છું. મારા મસ્તક ઉપરથી ચાલી ને આગળ જતાં તને શરમ નથી આવતી!

વેલો જવાબ આપે છે કે હે બાપુ! આપ બધાને રસ્તો બતાવનાર ગુરૂ ખરા પણ તે રસ્તે તમે પોતે કેટલું ચાલ્યા તે તો કહો! તમે માર્ગદર્શક નેતાની ડંફાસ મારો છો પણ તમે એ માર્ગ તરફ કેટલા ડગ ભર્યા? એ રસ્તો શું બીજાઓને માટે જ છે! તમારા માટે નથી?

આજ રસ્તેથી લાખો પથીકો ઈષ્ટસ્થાને પહોંચી ગયા છે અને તમે તો અહીંના અહીંજ રહ્યા. 'અતિપરિચિત દવડા'ની જેમ લાંબા કાળથી અહીં રહેલા એવા તમને તો મળ્યું સૂર્યના તાપમાં તપવાનું, પોષ મહીનાની કડકડતી ઠંડીમાં ધ્રુજવાનું, વરસાદમાં પલળી સડી મરવાનું અને આજ સ્થળે દફનાઈ જવાનું! તમારા ગયા પછી બીજું નવું પાટીયું આ સ્થાને દાખલ થઈ જશે. તે વખતે તમારૂ નામ નિશાન પણ નહીં રહેવા પામે. માટે વધારે ફુલણજી થવાની જરૂર નથી. સમજ્યાને!

આ કલ્પીત સંવાદમાં કેટલો બોધ સમાયેલો છે! આપણે પણ એનાં મર્મને સમજીએ, વિચારીએ, અને જીવનમાં ઉતારીએ. હજી સમય આપણા હાથમાંજ છે. બાકી રહેલા જીવનમાં ચેતીને સદ્ગતિ નાશક ભેદભાવોને કદાગ્રહોને તિલાંજલી આપી અનાદિના અંધારા ઉલેચી નાખીએ. સાચા દિલથી નિર્મળ મનથી સર્વપ્રાણી જનને આત્મવત્ માનીને પર્વની આરાધના કરીએ.


## શુભ સંદેશ

માંગલિક શુભ પ્રસંગે પ્રભાવના કરવા લાયક તેમજ પૂ. મુનિ મ. સાહેબને તથા ભાઈ બહેનોને પ્રવાસમાં દર્શન કરવા માટે ખાસ ઉપયોગી—

પૂ શ્રીમદ્ બુદ્ધિસાગરજી મ. સાહેબ

પૂ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીજી મ. સાહેબ

તેમજ

શ્રી સિદ્ધચક્રજી, શ્રી આદીશ્વરજી, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના સુંદર આકર્ષક બોકસમાં તેમજ પ્લાસ્ટીકની ડબીઓમાં ફોટાઓ ફીટ કરેલ છે

બોકસ એકની કિંમત રૂા. ૩-૦૦ પોસ્ટેજ અલગ

પ્લાસ્ટીકની ડબી એક રૂા ૧-૫૦ પોસ્ટેજ અલગ

બનાવનાર— ભાણચંદ બી મહેતા

દીવાનપરા, પાટેખકુંજ, રાજકોટ (સૌરાષ્ટ્ર)

( અનુસંધાન પેજ નં. ૧૨ નું )

ડોસો ઉંચે સાદે બોલી ઉઠયો "ના, ના, એ નહિ. પેલું કંઇ ગાયું હતુંને ! વાયુ, ચાંદલિયો, તારલા . વિગેરેએ"......

સેક્રેટરીને પણ લખવાની કંઇ સમજ ન પડી એટલે એ બોલી ઉઠયો 'સાહેબ શું લખવાનું, તે તેમને સમજાતુ નથી"

ડોસો જરા ગુસ્સે થયો, "કયે દહાડે સમજણ પડે છે !"

ડોસાના દુઃખી જીવન માટે એને પણ હમદર્દી હતી, એટલે તેણે સાંભળી લીધું, માઠું ન લગાડયું.

ડોસો વળી પાછો ઠંડો થઇ ગયો. "ભાઇ! એમાં એક વૃદ્ધમાડીની વાત આવે છે. એ એના દીકરાને પાછો બોલાવવા માટે સંદેશો મોકલાવે છે. કોની કોની જોડે સંદેશા કહેવરાવે છે કોની કોની જોડે કહેવરાવ્યું તે લખી લેવાનું છે. હવે સમજણ પડી કે નહિ ?"

હંમેશાં ડોસાના પુત્રને કાગળ લખવાનું કામ કરતા સેક્રેટરીને વાતનો ખ્યાલ આવી ગયો. એ તરત બોલી ઉઠયો.

"હા જી, હા, સમજી ગયો" ડોસોએ કહ્યું "ચાલ ભાઈ, મા જોઈએ લીટી"

વાંસળીવાળાએ ગાવાનું શરૂ કર્યું, એના ગાનને પછી વાંસળીના સ્વરમાં એ ઉતારવા માંડયો.

"વાયુ તારા વીંઝણલા વહેજે, વીંઝણલાને કહેજે"......

આ બાજુ સેક્રેટરીની કલમ ચાલવા માંડી. ડોસો કાન વધુ સરવા કરી સ્થિર થઈ ગયો. પેલી બાઇ આ બધું એકી નજરે જોઇ રહી. છોકરો પણ માના ખોળામાં લપાઇને ટગર ટગર જોવા માંડયો

એ પંક્તિ પૂરી થઇ એટલે જલ બોલી ઉઠયો: "બસ ! બસ ! અહીં સુધી લખી લીધું ને !"

"હા જી" સેક્રેટરીએ વિવેકમાં કહ્યું.

"હું કહું ત્યારે આવીને વાંચજો. હમણાં તમારી પાસે રાખો." ડોસાએ કહ્યું 'બસ આટલુ જ કામ હતું, હવે તમે તમારે જાવ"

ડોસાએ સેક્રેટરીને વિદાય આપી

"ભાઇ, હવે સંગીત પુરૂં ગા. જોઇએ તો ખરા પછી ડોસીનું શું થાય ! એનો દીકરો પાછો આવ્યો કે નહિ !"

પણ બાઇએ એણે આંગળીથી સાનમાં સમજાવી દીધું, એટલે વાંસળી વગાડી આગળ ન ગાતું ઉલટો એ બોલ્યો:

"સાહેબ બાકીનું ગીત તો હમણાંથી ગાતું નથી, એટલે ભૂલી ગયો છું." "એવું તે હોય !" ડોસાએ કહ્યું.

"સાચું, સાહેબ"

"તું જુઠું બોલે છે. મેં તને અટકાવ્યો ન હોત તો તું સંભળાવતને !" ડોસાએ વેપારી શીખ ચલાવણી શરૂ કરી.

"ના, ના સાહેબ ! ત્યાં સુધીજ સંભળાવવા નો હતો."

"તું ખરો નીકળ્યો." ડોસાએ કહ્યું. "ભાઈ, ગાને." ડોસાએ ફરી આગ્રહ કરી જોયો.

'સાહેબ ફરી આવીશ ત્યારે યાદ કરી લાવીશ" વાંસળીવાળાએ ટૂંકો જવાબ આપ્યો.

"એમ, સાચું કહે છે." ડોસાએ વિશેષ ખાતરી કરી.

"હા, સાહેબ"

"તો ક્યારે આવીશ ?" ડોસાએ નક્કી કરવા માંડયું.

"ગમે ત્યારે આવી ચડીશ"

"પણ ચોક્કસ આવજે"! ઠીક, "લે તારું મહેનતાણું." કહીને ડોસાએ પાંચ રૂપીયાની નોટ તેના હાથમાં મૂકી. પણ વાંસળીવાળાએ કહ્યું. "આજે નહિ, ફરી આવું ત્યારે આપજો."

બાઈએ પણ પુરસ્કાર ન લીધો, પણ કોણ જાણે બાળકના ગજવામાં ડોશીએ નોટ સરકાવી દીધી. તેની એ બન્નેને ખબર ન પડી.

બાળકોના માલિકને આપી શકે એવું પોતાની પાસે પણ કંઈક હતું એ વાતને એ બન્નેને ભારે આનંદ આપી ગયો હતો. અને કંઈ પણ લીધા વગર એ આપ્યું, તેનો વિશેષ આનંદ એ યુગલ પાસે હતો. અને એ આનંદમાંને આનંદમાં ઝાંપાની બહાર એ નીકળી ગયાં. બહાર નીકળી ગયા પછી બાઈને પણ હવે જાણે એ ગીતમાં રસ પડયો હોય તેમ, એ તેના પતિને પૂછવા લાગી.

પછી ડોસીનો દીકરો પાછો આવે છે ખરો?

"ના ડોશી તેના વિયોગમાં ને વિયોગમાં મરી જાય છે!" વાંસળીવાળો બોલ્યો.

"આ ડોસાનું પણ કંઈક એવું લાગ્યું" ચતુરબાઈ બોલી.

આ બાજુ ડોસાએ પસ્તાવો કર્યો.

ચાખવાની ઉતાવળમાં, ગીતનો અંત જાણવા ન ગાળ્યો. ગીત અધૂરું રહ્યું.

દૂર દૂર નીકળી ગયેલો વાંસળીવાળો હજી વગાડી રહ્યો હતો ને ડોસાની દૃષ્ટિ ત્યાં ખેંચાતી હતી.

કોની જુએ છે તું વાટ,
અભાગી! કોની જુએ છે તું વાટ?
દિવસ ઉગેને દિવસ આથમે,
આવે પ્રભાત ને રાત,
આમ તું ખોએ જીવન તારું, અનંત એની વાટ,
કોની જુએ અભાગી! વાટ!

# "ઝંખના"

ડંખ છે હૃદયમહિં પ્રભુ એકજ પ્રહાર,
જીવનનો સિતારો એકલો પડયો મહિં સંસાર,
અભિલાષા છે ઘણી, તુંજ હૃદયે વસવા આશ,
પણ પ્રભુ જીવન ખુટયું છે, ભવમહિં ઊંડેરી આશ,
પૂર્ણેન્દુ પ્રકાશ મહિં પ્રભુ એ જ છે ઉજાશ,
ભૂલો પડયો છું ભવમહિં પ્રભુ એકજ છે તારી આશ,
પ્રભુ એકજ છે તારી આશ

સંયોજક : રજની શાહ (પૂર્ણેન્દુ)



# અમૂલ્ય અવસર

લે. :– પંડિત રસિકજી વાડ્રિક, હલવદકર
( આયુર્વેદાલંકાર )

'બુદ્ધિપ્રભા'ના પહેલા અંકમાં તેઓશ્રીનો એક લેખ પ્રગટ થયા બાદ આજ લાંબા ગાળે તેઓ પોતાની મનનીયકૃતિ લઈ વાચકો સમક્ષ આવે છે........

पर्वाणि सन्ति प्रोक्तानि, बहूनि श्री जिनागमे।
पर्युषणा समं नान्यत्–कर्मणां मर्मभेदकृत् ॥

જિનેશ્વર દેવનાં ઘણાં પર્વો કહેલાં છે, પરંતુ તે તમામ પર્વોમાં "પર્યુષણા" સમાન કર્મના મર્મને ભેદનાર બીજું એક પણ પર્વ નથી.

પર્વશિરોમણિ-મહાપર્વ શ્રી પર્યુષણ પર્વનો અમૂલ્ય અવસર આવ્યો છે. અમૂલ્ય-અવસર હું એટલા માટે કહું છું કે આજે મહાન સંતમુનિરાજોનાં લાભ કપડવંજને મળ્યો છે. જ્યાં જ્યાં આવા મહાન્ સંતો વીતરાગ વાણીનો દિવ્ય સંદેશ આપતા હશે અને તેમના સમક્ષમાં જૈન માનવ મેદની તે પ્રવચનનો લાભ લેતા હશે તે સૌ આત્માર્થી જીવોને માટે અમૂલ્ય અવસર છે.

પર્યુષણપર્વમાં કર્મક્ષય નિમિત્તે શ્રાવકો પોતાની શક્તિ અનુસાર અનેક વિધિ સાધના કરતા હશે, કેટલાક સમદૃષ્ટિ જીવો વ્રત તપ પૌષધાદિ કરવામાં જ્ઞાનપૂર્વક કર્મકાંડ કરશે. સામાન્ય માણસો શ્રદ્ધાપૂર્વક પર્વનું મહાત્મ્ય સમજીને છેવટ સંવત્સરીનાં દિવસે પણ ઉપવાસ કરી ધાર્મિક ક્રિયા- અનુષ્ઠાન કરશે.

## મહાપર્વના આરાધ્ય દિવસો

જૈન શાસ્ત્રમાં છ અઠ્ઠાઈઓ આરાધ્ય દિવસો તરીકે માનવામાં આવે છે, પણ તે સર્વ અઠ્ઠાઈનાં જેવી અઠ્ઠાઈ તે આપણું મહાપર્વ શ્રી પર્યુષણપર્વ. અઠ્ઠાઈઓમાં દેવતાઓ પણ મહોત્સવ કરે છે

तत्थे णं बहवे भवणवइ–वाणवंतर–जोइस–वेमाणिआ देवा तिहिं चउम्मासिए, पज्जोसवणाए अट्ठाहिआओ महामहिमाओ करंति–(जीवाभिगम)

ઘણા ભુવનપતિઓ, વાણવ્યંતર, જ્યોતિષી, અને વૈમાનિક દેવતાઓ ત્રણ "ચોમાસીઓ" અને 'પર્યુષણા' આ ચારે અઠ્ઠાઈઓના દિવસોએ નંદીશ્વર દ્વીપમાં મહામહિમા પૂર્વક કરે છે આ દૃષ્ટિથી જોતાં મહાપર્વનાં દિવસોમાં ધર્માનુષ્ઠાન માટે પરમ આરાધ્ય દિવસો ગણી શકાય

## આદર્શ જૈનત્વ કેળવજો

જૈનશાસ્ત્રમાં અનુષ્ઠાન અને યોગ બંનેને સહયોગી શબ્દ તરીકે માનવામાં આવ્યા છે. એટલે ભગવાન વીરના માર્ગનું અનુષ્ઠાન કરતાં મન, વચન અને કાયાનાં આશય શુદ્ધ રાખતાં, શુદ્ધ–આશય હોય તો જ ક્રિયા ફળ આપે છે માટે ત્રણે યોગને સ્થિર કરીને ક્વચિત્ અશુભ કર્મોદયનાં કારણે કોઈ વિઘ્ન આવે તો પણ જૈનત્વને ત્યજશો નહિ, આજે તો આપણે જૈનત્વનું દેવાળું કાઢ્યું છે એમ કહીએ

શે કરકત નથી. માત્ર જૈનકુળમાં જન્મ પામવાનાં કારણે જ આપણે જૈનપણાનો દાવો કરી રાખીએ છીએ પણ જો આપણે આપણા અંતરનાં ઊંડાણમાં જોઈશું તો આપણને ખબર પડશે કે આપણા જીવનમાં જૈનત્વ શ્રી સર્વજ્ઞના આગમોનું નિત્યશ્રવણ, સામાયિક પ્રતિક્રમણ અને પૌષધાદિ વ્રતો, ને કેટલું સ્થાન છે તેનો વિચાર કરજો. જૈનકુળમાં જન્મ પામ્યા પછી જૈનત્વને સ્થિર કરનારી કાર્યપણ ક્રિયાને (આવશ્યક કર્મ-આદિ) જીવનમાં સ્થાન ન હોય તો આના જેવું કે આપણું જૈનત્વનું દેવાળું જ કાઢ્યું છે માટે પર્યુષણ પર્વમાં જૈનત્વ જાળવવા માટે પુરુષાર્થ કરજો.

## વાર્ષિક જીવનનો હિસાબ કરજો

મહાપર્વના પ્રથમના સાત દિવસોમાં તમારા વાર્ષિક જીવનનાં વ્યવહારની કાર્યવાહીના હિસાબની તૈયારી કરી રાખજો અને સંવત્સરીનાં દિવસે જીવનનાં જમા ઉધાર બાજુની તપાસ કરી આત્મનિર્ણય કરજો. જમા બાજુ ઉજળી હોય તે દૃષ્ટિએ જ જીવન જીવવા પ્રયત્નશીલ રહેજો, આવા પર્વો અનેક આવ્યાં છે અને ગયાં છે, પણ જીવનની કારવાઈના સાચા સરવૈયાં કાઢયાં જ નથી, એમ કરીએ તો ચાલે. જો આપણે જૈનત્વને જીવનમાં કેળવ્યું હોત તો આજની આપણી આવી સ્થિતિ જ ન હોત! ભૂતકાળનો જૈનજગતનો ઇતિહાસ જોતાં આજનું આપણું જીવન પશુસમાન છે. જો આપણે શ્રી મહાવીરભગવાનને આપણા પ્રભુ માનતા હોઈએ તો આપણે જગતનાં વ્યવહારમાં આસક્ત થઈને પ્રભુની આજ્ઞા વિરુદ્ધ પાપની કારવાઈ જે કરીએ છીએ તે ન કરી શકાય.

વીતરાગ માર્ગનું સ્થાન આજે આપણા જીવનમાં નથી—કદાચિત્ કોઈ વિરલા જીવો હશે જેઓ, પુણ્યશ્રાવક આનંદ અને કામદેવ જેવા શ્રમણોપાસક (શ્રાવક) જીવન જીવતા હશે.

જૈનજીવનને મંગલમય બનાવવા તેમજ સ્થિર કરવા માટે અત્રે અપેક્ષા શાસ્ત્રનાં સંદેશાને સ્વીકારી જીવનમાં સ્થાન આપજો.

૧ સર્વ અને શોકમાં જૈનત્વનાં આદર્શરૂપ સમભાવને ભૂલશો નહીં.

૨ દુર્જનનો સહવાસ (મિથ્યાત્વીનો) તમારા જીવન વિકાસને ધૂળ મેળવશે માટે તેનાથી દૂર રહેજો,

૩ આત્મશ્લાઘા એ યુક્તિ પૂર્વકનું અભિમાન છે. પોતાની શ્રેષ્ઠતાના ગુણ ગાવાથી અને અભિમાનથી દૂર રહેજો

૪ અનેક પ્રતિકૂળ સંયોગોમાં પણ કોઈનું અશુભ ચિંતવશો નહી.

૫ સદૈવ સ્વ-પરના હિતમાંજ આનંદ માનજો.

૬ ઉદારતા પૂર્વક જીવન કેળવવા માટે બાર વ્રતો પૈકીના કોઈપણ થોડાં વ્રતોને પણ જીવનમાં દૃઢતા પૂર્વક સ્થાન આપશો.

૭ બની શકે ત્યાં સુધી પર-દોષ જોવાની કુટેવને દાબીને સ્વદોષ જોવાનાં સ્વભાવને કેળવજો.

૮ શોચનીય સ્થિતિ-સંયોગો લાવનાર કોઈપણ તત્ત્વ હોય તો "પાપ" છે માટે અઢાર પ્રકારના પાપોથી દૂર રહેજો

આત્માની અનંત-શક્તિને પ્રકટ કરવા માટે અનંત જ્ઞાનિઓએ વિવિધ માર્ગો બતાવ્યા છે તેમાં ત્રણ માર્ગ મુખ્ય છે.

(૧) દુષ્કૃતનિંદા, (૨) સુકૃતની અનુમોદના, (૩) ચત્વારી શરણું આ માર્ગો પાપ કર્મનાં ઉદયવાળા જીવોને સમજાતા નથી તો પણ વિશ્વહિતને લક્ષમાં રાખી મહાપુરુષો તે માર્ગે ગતિ કરવાનો સંદેશો આપ્યો છે.

### —: દુષ્કૃતનિંદા :—

જે જીવો માનવ જીવનનાં મૂલ્યને સમજે છે તે ભવ્યજીવો, જૈન શાસ્ત્રમાં કહેલા અઢાર પાપ

સ્થાનજે અનાદિકાળથી આપણે સેવી રહ્યા છીએ, જેનું પરિણામ દુઃખ, જન્મ મરણ અને રાગ દ્વેષને સૌ જીવો અનુભવે છે પણ જ્યારે સંત પુરૂષો દ્વારા પાપનું ભયકર પરિણામ સમજવામાં આવે છે ત્યારે વિવેકી આત્માઓ પોતાના પાપરુપ દુષ્કૃતની નિંદા કરે છે અને નિરંતર સાવધ રહીને પાપથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. આવી રીતે દુષ્કૃતની નિંદા કરનારા જેવા કર્મથી હળવા બને છે અને સુકૃતની અનુમોદના કરે છે.

સુકૃતની અનુમોદના.

પાપથી દુર રહી સુકૃત કરનારા જીવોને ધન્ય છે. જે જે જીવો પાપ કર્મથી સર્વદા દુર રહીને સુકૃત કર્મમાં રાચી રહેનારાઓમાં મુખ્ય ભગવાન વિતરાગ દેવ છે. આવા સર્વથી બંધન મુક્ત સર્વજ્ઞનાં સુકૃતની વારંવાર પ્રસંશા તેમજ અનુમોદના કરવી એ આપણા મહાપર્વરૂપ પર્યુષણ પર્વનું પ્રધાન કર્તવ્ય છે.

ચાર શરણમાંજ અખંડ શાંતિ.

મહાન શરણ કરવા યોગ્યમાં અનુક્રમે અરિહંત સિદ્ધ; સાધુમુનિરાજ, અને જૈન પ્રણિતધર્મ અનુક્રમે આ ચારની શરણાગતિમાંજ જ્યારે દઢ થવાય ત્યારે જ જ્ઞાનનો ઉદય થતાં દુષ્કૃતનિંદા અને સુકૃતની અનુમોદના થઈ શકે છે. શ્રી વીતરાગ દેવનાં આ સદેશામાં આત્મ શાંતિ તેમજ આત્મશક્તિને પ્રકટ કરવા માટેના મર્મો ગુંથ્યા છે.

આજનાં પુણ્યદિવસોમાં સર્વત્ર અભયનું વાતાવરણ સર્જવા માટે કષાય રહિત બની ક્ષમા ગુણને જીવનમાં સ્થાન આપી જગતનાં સર્વજીવો પ્રતિ પરસ્પર ક્ષમાપના કરજો અને ક્ષમા આપશો. અને અત્રે આપેલા ક્ષમાપનાનાં જ્ઞાનિઓનાં વિચારોને મૂર્તસ્વરૂપ આપશો.

ક્ષમાપના–પાઠ

सव्वस्स जीवरासिस्स भावओ धम्मनिहि अनिअचित्तो ।

सव्वे खमावइत्ता खमामि सव्वस्स अहयं वि ॥ ॥१॥

ધર્મ પ્રવૃત્તિમાં શુદ્ધાંત : કરણથી સ્થિર થયેલો હું મેં કરેલા અપરાધોની તમામ જીવો પાસે પહેલા જ ક્ષમા માગું છું અને પછી તેમણે કરેલા અપરાધોની તેમને ક્ષમા આપું છું.

सव्वस्स समणसंघस्स, भगवओ अंजलि करिअ सीसे ।

सव्वे खमावइत्ता, खमामि सव्वस्स अहयंपि ॥२॥

શિરપર હાથ જોડીને નમતા પૂર્વક સમસ્ત શ્રમણ સંઘની પાસે પહેલાં જ મારા અપરાધની ક્ષમા માગું છું અને પછી તેમણે કરેલા અપરાધોની નમ્રતાક તેમને ક્ષમા આપુ છું.

आयरिअ उवज्झाए, सीसे साहम्मिए कुल गणेय।

जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ॥ ३ ॥

પૂ. આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત, ઉપાધ્યાય ભગવંત શિષ્યગણ, સાધર્મિક બંધુઓ, શ્રમણોનું કુલ તથા શ્રમણોનો ગણ એ તમામ પ્રતિ મેં જે કોઇ પ્રકારનાં કષાયો દેખાડયા હોય, ક્રોધ કર્યો હોય, અભિમાન બતાવ્યું હોય, લોભ કર્યો હોય અને માયા કપટ કર્યું હોય તો હું તે તમામ કષાયોને મન, વચન અને કાયાએ એમ ત્રિવિધે ખમાવું છું. ॥ ૩ ॥

जं जं मणेण बध्धं जं जं वायाए भासिअं पावं

जं जं कायेण कयं मिच्छा मिदुक्कडं तस्स ॥ ४ ॥

જે જે પાપ પ્રવૃત્તિઓને મે મનમાં સંકલ્પ રૂપે કરી હોય જે જે પાપ પ્રવૃત્તિઓને મેં વાણીથી કરી હોય અને શરીર વડે કરી હોય તે મારી તમામ પાપ પ્રવૃત્તિના આચરણો વિફલ બનો મારૂ દુષ્કૃત મિથ્યા થાઓ .મિથ્યામે દુષ્કૃતે

खामेमि सव्वे जीवे, सव्वे जीवा खमंतु मे ।

मित्ति मे सव्व भूएसु वेरं मज्झं न केणइ ॥५॥

હું જગતનાં તમામ જીવો પાસે મારા અપરાધોની ક્ષમા માગું છું અને તે તમામ જીવો મને પણ તેમના તરફથી મારા અપરાધોની ક્ષમા આપો; તમામ જીવો પ્રતિ મારો મૈત્રિભાવ છે. અને મારે કોઈ પણ જીવ સાથે વૈરભાવ નથી આ પ્રમાણે સર્વ જીવો પ્રતિ ક્ષમાપના માગી જ્ઞાનીનાં વચનોમાં કહેવાયું છે કે विद्धि वद्धि स्वतत्त्वम् પોતાના સ્વતત્ત્વ ( આત્મતત્ત્વ ) ને ઓળખો કે હું કોણ છું ? અને મારૂં શુદ્ધ સ્વરૂપ કેવું છે ? આવી રીતે સ્વરૂપાભિમુખ થવા પ્રયત્ન કરજો.

# સ્મરણાંજલિ

ધર્મ દેશ અને સમાજની અનેક સંસ્થાઓ અને પ્રવૃત્તિઓમાં અગ્રભાગ લેનાર મૂક અને પ્રખર કાર્યકર શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસીનું મુંબઈમાં સોમવારના તા. ૭-૮-૧૯૬૦ના દુઃખદ અવસાન થયું. તેઓશ્રીના સ્વર્ગગમનથી સૌને સખ્ત દુઃખ થયું છે. તેમની ખોટ એ ન પૂરાય તેવી ખોટ છે સદગતના આત્માને શાંતિ મળો એવી અભ્યર્થના. તંત્રીઓ

તેઓશ્રીના નિકટના પરિચયી શ્રી નટવરલાલ એસ. શાહ તેમને અંજલિ આપતા પોતાનુ તેમજ સમાજનુ દર્દ વ્યક્ત કરું છું અમે અત્રે મૂકીએ છીએ.

અંજલિ.

આ અવની પર તેજ પાથરી આપ ગયા છો ચાલી,
પ્રત્યક્ષ મીલનની આશ નથી, આપ ગયા છો ચાલી,
થઈ ગયા આ ગદ્ ગદ્ હૈયા, નયને અશ્રુ ભરાયે,
હોના વિણ આ સંસ્થાઓમાં ખોટ તરીકે આવે
કેમ જતી રહી સેવાભાવી સેવકની અહીંથી દૂર સવારી.
કેમ નીરવ ને નિરાશ ભાસે ખંભાત નીવાસી જનતા,
આશાને ઉર્મિ ભર્યાં હતા સહુ મલકાતા,
૭ દાયકાથી રમત રમીને પુષ્પ સુવાસ પ્રસારી
કંઈક સંસ્થા સ્થાપી વળી સંચાલન કરી દેખાડયું,
કાર્ય કરીને હસતે મુખડે સેવા જીવન વીતાવ્યું,
છોડી દઈને સાથ અમારો નવલી વાત વિસારી.
કોન્ફરન્સના પૂર્ણ પ્રચારક, પરિષદમાં પુર્યાતા પ્રાણ,
લોકસમાજના કાર્યવાહ, સાધર્મિક કોઈ નથી અણજાણ,
મંત્રી, તંત્રી સેવા સંત્રી ને વક્તા સંયમ ધારી.
કોંગ્રેસમાં પણ કામ કર્યું કોરપોરેટર બની ચૂકયા,
પ્રવાસ ખેડયો ભારત ભરનો સમરે એસોસીએશન ઈંડીયા,
સ્વયંસેવક ને મિત્ર મંડળ, જાણે જનતા સારી
અંજલી અર્પુ આજે તમને સ્મૃતિ ભરી છે ઝાઝી,
અનુભવના પીવડાવ્યા વારિ, પ્રગતિપંથ બતાવી.
કાર્યવાહિ અંકિત કરેલી, રહેશે યાદ પ્રસારી.

# ઝેરના પારખાં.........

(વેદર્ભી વનમાં વળવળે-રાગે)

બુઝ !!! બુઝ ! ચંડકોશિયા, વીર પ્રભુજી દે બોધ;
ક્રોધે થયો ચંડકોશિયો, હવે ત્યાગી દે ક્રોધ; બુઝ !!!

કોટિ વર્ષ તપ જે કર્યું, થાય ક્રોધે તે ફોક
મુજને ડસે શા કારણે, ક્રોધ પસર્યો રે રોક. બુઝ. ૨

ક્રોધસમું વિષ કો નહીં, ક્રોધે કર્મના બન્ધ;
અવતાર ઝેરીના સાંપડે, ક્રોધી દેખતો અન્ધ. બુઝ. ૩

મનવાણી કાયામાં ઝેરની ક્રોધે પ્રગટે રે જ્વાલ;
મિત્રોને શત્રુ કરે, કર !!! કૌશિયા ખ્યાલ. બુઝ. ૪

પૂર્વભવે તું મુનિ હતો, સાધુગણ શિરદાર,
ક્રોધ કરી મરી દુર્ગતિ પામ્યો અહિં અવતાર. બુઝ. ૫

ઝેર અસર કરે નહીં મને, જોને પ્રત્યક્ષ દેહ,
કરુણા આવે તુજ ઉપરે, ધર સમતાને સ્નેહ. બુઝ. ૬

કૃષ્ણ શરીર કર્મે થયું. તું તો દેહથી ભિન્ન,
દેહાધ્યાસને ત્યાગીને, થા તું આતમલીન, બુઝ. ૭

કર્મ વશે સહુ જીવડા, લાખ ચોરાશી માંહિ,
ભટકે દુઃખડાં પામતાં, સુખ પામે ન ક્યાં હિ. બુઝ. ૮

કર્મ વધાર ન કોશિયા, ભાવ સમતા ભાવ,
સમતાએ કર્મ ટળે ઘણાં, હજી હાથમાં દાવ. બુઝ. ૯

મુજ સમ આતમ તાહરો, ફક્ત કર્મે છે ભેદ,
આત્મોપયોગી થયા થકી, રહે ભવના ન ખેદ. બુઝ. ૧૦

મન વાણી કાયા થકી, પાપ કર્મને રોધ,
શરીર વિણસે તોય તું, નિજ આતમ શોધ, બુઝ. ૧૧

મહાવીર વચને બુઝીયો, ચંડ કોશિયો નાગ,
વીર શરણુ અંગી કર્યું, છંડયો દેહનો રાગ બુઝીયો. ૧૨

અણસણ કીધું વીરની, સાખે સમતાએ બેશ,
ઉપસર્ગો સહ્યા આકરા, ટાળ્યા મનના ક્લેશ. વીર. ૧૩

વીર સમક્ષ નિજાતમા, ભાવી ભાવના બેશ,
મૃત્યુ પામી થયો દેવતા, સુખ પામ્યો હંમેશ. વીર. ૧૪

દેવલોકથી આવિયો, પ્રભુ વંદન કાજ.
પ્રભુ ભક્તિ કરી દેવ તે, પામ્યો સુખ સામ્રાજ્ય. વીર. ૧૫

ધન્ય ધન્ય મહાવીરને, ધન્ય કોશિયો નાગ,
બુદ્ધિસાગર બોધથી, આવો પ્રકટે છે ત્યાગ...... વીર. ૧૬

—શ્રીમદ્ બુદ્ધિસાગરજી.

# શાહ લલ્લુભાઇ રાયચંદની શુભ પ્રેરણાથી થયેલા

## ગ્રાહકની યાદી

### પાંચ વર્ષ

૧ શાહ અમૃતલાલ દલસુખભાઇ કુંજરાવ
૨ ડૉ. એમ જે શાહ આણંદ
૩ ગાંધી હકીચંદ નાથાભાઇ ,,
૪ શાહ ગુણવંતલાલ વાડીલાલ ,,
૫ ,, ઝવેરચંદ કેશવલાલ ,,
૬ ,, ચંપકલાલ કેશવલાલ મોગરવાળા આણંદ
૭ શ્રી હસ્તીમલજી સોનાજી મારવાડી ,,
૮ શાહ કાન્તિલાલ કેશવલાલ વત્રાવાળા ,,
૯ ,, કીશોરભાઈ રતીલાલ વડાદરાવાળા ,,
૧૦ શાહ પોપટલાલ રતીલાલ મોગરવાલા ,,
૧૧ ,, બીપીનભાઈ ચુનીલાલ ,,
૧૨ શાહ ધીરજલાલ જગજીવનદાસ આણંદ
૧૩ આર. કે શાહ ,,
૧૪ દોશી મણીલાલ નરસીદાસ ,,
૧૫ શાહ રાજમલ કાલીદાસ ,,
૧૬ ,, દલસુખભાઇ નાનચંદ ,,
૧૭ ,, ચંદુલાલ ભોગીલાલ ,,
૧૮ ,, દેવચંદભાઇ જેચંદભાઇ ,,
૧૯ શાહ રસીકલાલ મગનલાલ ,,
૨૦ અશોકચંદ્ર બાબુલાલ થરાદવાળા આણંદ
૨૧ કપાસી મનસુખભાઇ બાબુભાઈ ,,

### ત્રિવાર્ષિક :—

૧ શાહ બાબુભાઇ મગનલાલ આણંદ
૨ સુતાર છનાલાલ નગીનદાસ ,,
૩ શાહ બાબુલાલ મોહનલાલ ,,
૪ ,, ચંપકલાલ કેશવલાલ ,,
૫ દોશી ધનવંતલાલ હિમતલાલ આણંદ
૬ શ્રી જૈન પાઠશાળા બોરડ ,,
૭ શાહ ઝવેરચંદભાઇ કેશવલાલ ,,
૮ ,, જેઠાલાલ ગોરધનદાસ ,,

### વાર્ષિક—

૧ શાહ બીપીનચંદ હીરાલાલ આણંદ
૨ ,, શાન્તિલાલ ફકીરચંદભાઇ ,,
૩ ,, જશવંતલાલ મણીલાલ ,,
૪ , ચોથમલજી સરદારમલજી ,,
૫ શાહ કીર્તિલાલ મોહનલાલ આણંદ
૬ ડૉ. અંબાલાલ જેઠાલાલ ,,
૭ શાહ રાજમલ મોહનલાલ ,,

# શાહ ફુલચંદ રામદાસની શુભ પ્રેરણાથી

### વાર્ષિક

૧૮ શાહ શાન્તિલાલ કેશવલાલ આણંદ
૧૯ વોરા અંબાલાલ પરસોતમદાસ ,,
૧૦ શાહ રમણીકલાલ જગજીવનદાસ ,,
૧૧ વકીલ હિમતલાલ શામલદાસ ,,
૧૨ શાહ સારાભાઇ જીવાભાઇ મોગરવાલા ,,
૧૩ ,, મણીલાલ વાડીલાલ વીરમગામવાળા ,,
૧૪ શાહ અનોપમ કોઠારી પ્રવીણભાઇ આણંદ
૧૫ ,, ફતેચંદ કેશવલાલ મોગરવાળા ,,
૧૬ ,, બીપીનચંદ્ર હરીલાલ ,,
૧૭ ,, નેમચંદ ચુનીલાલ ,,
૧૮ ,, જયંતીલાલ મણીલાલ ,,
૧૯ ,, અમૃતલાલ હરજીવનદાસ ,,

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | સંઘવી અમુલખ નથમચંદ | આણંદ | ૨૯ | શાહ લલ્લુભાઈ રાયચંદ | આણંદ |
| ૨૧ | શાહ રીખવલાલ મણીલાલ | ,, | ૩૦ | કામદાર કાન્તિલાલ હીરાલાલ | ,, |
| ૨૨ | ,, ધીરજલાલ નાગરદાસ | ,, | ૩૧ | કોઠારી કાન્તિલાલ હીરાચંદ | ,, |
| ૨૩ | ,, કમલેશ વસંતકુમાર | ,, | ૩૨ | શાહ ધરણેન્દ્રકુમાર ચંદુલાલ | ખેડા |
| ૨૪ | ,, વિનોદચંદ ચીમનલાલ | ,, | ૩૩ | ,, મોતીલાલ ચુનીલાલ | વાસદ |
| ૨૫ | ,, ભગુભાઈ મણીલાલ | ,, | ૩૪ | ,, કાચરાજ મેઘજીભાઈ | ભુજ |
| ૨૬ | ,, ધરમચંદ ચીમનલાલ | ,, | ૩૫ | ,, કાન્તિલાલ બાપાલાલભાઈ | મોગરી |
| ૨૭ | ,, કાન્તિલાલ મોહનલાલ | ,, | ૩૬ | ,, કાન્તિલાલ ભૂરાલાલ | કાવઠા |
| ૨૮ | ,, જયંતીલાલ અમૃતલાલ | ,, | | | |

### વાર્ષિક

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | શાહ ચંપકલાલ નાથાલાલ | વલસાડ | ૬ | શાહ ઉધાજી | વલસાડ |
| ૨ | ,, ધનસુખલાલ નગીનદાસ | ,, | ૭ | ,, નગીનદાસ લલ્લુભાઈ | ,, |
| ૩ | ,, રાયચંદ હીરાચંદ | ,, | ૮ | ,, ઠાકોરભાઈ નથુભાઈ | ,, |
| ૪ | ,, વીરચંદ ગોવીન્દજી | ,, | ૯ | કોઠારી મગનલાલ મોતીચંદ | ,, |
| ૫ | ,, ભુધરજી કલ્યાણજી | ,, | ૧૦ | ,, મોહનલાલ મોતીચંદ | ,, |

## દાણી શેવંતીલાલ ચીમનલાલની પ્રેરણાથી થયેલા ગ્રાહકની યાદી

### ત્રિવાર્ષિક

| | | |
|---|---|---|
| ૧ | દાણી શેવંતીલાલ ચીમનલાલ | કલકત્તા |

### વાર્ષિક

| | | |
|---|---|---|
| ૧ | દાણી વિનોદચંદ્ર ખુબચંદ | વજુવરસ |
| ૨ | પેથાણી ગૌતમલાલ ચેલાભાઈ | ,, |
| ૩ | શાહ પન્નાલાલ અંબાલાલ | ,, |
| ૪ | ,, કાનુભાઈ મોહનલાલ | ,, |
| ૫ | ,, રમણીકલાલ ચંદુલાલ | ,, |
| ૬ | ,, પુંખરાજજી હસ્તીમલજી | ,, |
| ૭ | ,, પોપટલાલ ત્રીભોવનદાસ | ,, |
| ૮ | ,, ડાહ્યાલાલ કાળીદાસ | ,, |
| ૯ | ,, બાપાલાલ હાથીભાઈ | ,, |
| ૧૦ | ,, કનૈયાલાલ માણેકલાલ | ,, |
| ૧૧ | ,, અરૂણકુમાર બોસ | ,, |

## દાણી જેસંગલાલ લક્ષ્મીચંદની પ્રેરણાથી થયેલા ગ્રાહકની યાદી

### વાર્ષિક

| | | |
|---|---|---|
| ૧ | ધામી એન્ડ શાહ ગદવાળાની કું. | પાલનપુર |
| ૨ | શાહ પુનમચંદ દલછાચંદ | ભુતેડી |
| ૩ | દાણી ચીમનલાલ ત્રીભોવનદાસ | ગઢ |
| ૪ | ,, લક્ષ્મીચંદ ત્રીભોવનદાસ | ,, |
| ૫ | શાહ સુરજમલ કેશવલાલ | ,, |
| ૬ | ,, હરજીવન નાગરદાસ | ,, |
| ૭ | ,, અંબાલાલ ગુલાબચંદ | ,, |
| ૮ | ,, કાલીદાસ ભાયચંદ | ,, |
| ૯ | ,, નાગરદાસ કેશવલાલ | ,, |
| ૧૦ | ,, અમૃતલાલ લક્ષ્મીચંદ | ,, |
| ૧૧ | ,, જેઠાભાઈ નાનચંદ | ,, |
| ૧૨ | ,, ચેલાભાઈ લલ્લુભાઈ | પરોસણ |
| ૧૩ | ,, નાગરદાસ મગલભાઈ | ગઢ |

# શ્રી મહેતા હસમુખભાઈ ગોવિંદજીની શુભ પ્રેરણાથી

વાર્ષિક

૧ મહેતા રસીકલાલ મનસુખભાઇ સાણંદ.
૨ સંઘવી હરખચંદ કચરાભાઈ „
૩ શાહ ગંભકલાલ મનુખભાઇ „
૪ „ રસીકલાલ રાયચંદભાઇ „
૫ „ શ્રીમદ બુધ્ધિસાગરસૂરિશ્વર જૈન લાયબ્રેરી સાણંદ
૬ મહેતા હસમુખભાઈ ગોવિન્દજી „
૭ „ રસીકલાલ કેશવલાલ „
૮ „ મણીલાલ ઠાકરશીભાઇ „
૯ „ ડાહ્યાલાલ ત્રીભોવનદાસ „
૧૦ „ ગીકમલાલ લલ્લુભાઈ „
૧૧ „ કેશવલાલ જેસંગભાઇ „
૧૨ „ બુધાલાલ ઠાકરભાઇ „
૧૩ „ રતિલાલ અમૃતલાલ „
૧૪ મહેતા રતીલાલ મનસુખભાઇ સાણંદ
૧૫ „ મણીલાલ મનસુખભાઈ „
૧૬ દોશી મોહનલાલ લલ્લુભાઈ „
૧૭ ગાંધી શાન્તિલાલ વાડીલાલ „
૧૮ શેઠ નરશીભાઇ જીવાભાઇ „
૧૯ સંઘવી કેશવલાલ નાથજીભાઇ „
૨૦ „ ચુનીલાલ હરજીવનદાસ „
૨૧ મહેતા રમણલાલ શાન્તિલાલ પાલણપુર
૨૨ શાહ રમણલાલ મણીલાલ અમદાવાદ
૨૩ મહેતા હરીલાલ મંગળદાસ સાણંદ
૨૪ „ હિંમતલાલ સાકરચંદ „
૨૫ શાહ બબાભાઇ પરસોત્તમદાસ „
૨૬ મહેતા કાન્તિલાલ રામચંદ „

## શાહ વૃજલાલ ફુલચંદની શુભ પ્રેરણાથી

વાર્ષિક:—

૧ શાહ વ્રજલાલ ફૂલચંદ શેઠ (ગાંમડ)
૨ „ કીરીટકુમાર હિંમતલાલ „
૩ શાહ નવીનચંદ પેથાભાઈ શેઠ ગાંમડ
૪ „ શાન્તિલાલ પાનાચંદ „

## પ. પૂ. સાધ્વીશ્રીજી સદગુણા શ્રી તથા કીર્તિલત્તાશ્રીજીનાં સદુપદેશથી

વાર્ષિક

૧ શા. હવીચંદ રાયચંદભાઈ કોટાવાળા સાવરકુંડલા
૨ શા. હવીચંદ ગુલાબચંદ „ „
૩ શ્રી. નીલમબાઇ મહાસતીજી. C/o. શ્રી. જમનાદાસભાઇ „
૪ સંઘવી વીરજી ગોપાલજી ખાખળાવાળા „
૫ „ માણેકચંદ ગુલાબચંદ „
૬ દોશી રતિલાલ રામચંદ સાવરકુંડલા
૭ ડૉ. શ્રી. પુષ્પાબેન C/o ડૉ. મધુભાઇ „
૮ શેઠ મણીલાલ વનમાળીદાસ „
૯ શ્રી જયાબેન શેઠ C/o
૧૦ શેઠ હીરાલાલ ગીરધરલાલ

## શા ભોગીલાલ અમથાલાલ વખારીઆની શુભ પ્રેરણાથી વીજાપુર

૧ શા. સેવંતીલાલ બાલચંદ મુંબઈ વર્ષ ૩
૨ શેઠ. પોપટલાલ કચરાભાઇ વર્ષ ૧ „
૩ પરીખ મણીલાલ રાજકરણ ૧ „
૪ શ્રી મહુડી ઘંટાકર્ણ મહાવીર જૈન કારખાના, „ મહુડી તીર્થ વર્ષ ૧
૫ પારી બુરાભાઇ ન્યાલચંદ લેખક

વાર્ષિક

| | | | |
|---|---|---|---|
| ૬ શા. અમૃતલાલ કેશવલાલ | મહેસાણા | ૧૨ શા. શાન્તિલાલ મોતીલાલ ચોકસી | વીજાપુર |
| ૭ શા. ભોગીલાલ અમથાલાલ વખારીઆ | વીજાપુર | ૧૩ શા. વીનયચંદ્ર જગજીવનદાસ | ,, |
| ૮ શા. નગીનચંદ્ર રીખવદાસ | ,, | ૧૪ દોશી વીક્રમભાઈ લાલભાઇ | ,, |
| ૯ શા. પોપટલાલ પુંજીરામ | ,, | ૧૫ દોશી રતનચંદ્ર છગનલાલ | ,, |
| ૧૦ શા. બાબુલાલ છોટાલાલ પટવા | ,, | ૧૬ શા. બાબુભાઇ ભયુભાઇ | ,, |
| ૧૧ શા. નગીનદાસ ગોકળદાસ ચોકસી | ,, | ૧૭ શા. ભોગીલાલ કકલચંદ | ,, |

શ્રી રજનીકાન્ત ગીરધરલાલ શાહ (ભાવનગરવાળા) ની શુભ પ્રેરણાથી

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી જગજીવ નહરખચંદ શાહ., (વર્ષ ત્રણ) | મુંબઇ | ૬ શા. કાન્તિલાલ દામોદરદાસ પાનાણી | મુંબઇ |
| ૨ શા. ગીરધરલાલ ખીમચંદભાઈ વાર્ષિક | મુંબઇ | ૭ શા. રસીકલાલ મંગળદાસ પરીખ | ,, |
| ૩ શા. રસીકલાલ રતીલાલ વોરા | ,, | ૮ શા. છબીલદાસ જેશીંગભાઇ શેઠ | ,, |
| ૪ શા. મણીલાલ વાડીલાલ | ,, | ૯ શા. સુરેશચંદ્ર વછરાજ મહેતા. | ,, |
| ૫ શા. સોમચંદભાઈ જીવાભાઇ (ઘડકણવાળા) | ,, | ૧૦ શા. ગંભીરદાસ સોમચંદભાઇ મહેતા | ,, |

શા. ભગુભાઇ મણીલાલની શુભ પ્રેરણાથી આણંદ.

વાર્ષિકઃ—

| | |
|---|---|
| ૧ શા. શરદચંદ્ર ચીમનલાલ આણંદ. | ૩ શા. જયંતીલાલ અમૃતલાલ ,, |
| ૨ શા. શાન્તિલાલ મોહનલાલ ,, | ૪ શા. ભગુભાઈ મણીલાલ ,, |

# શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રચારક ઇનામી નિબંધ યોજના

ઉપરોક્ત મંડળ તરફથી "અધ્યાત્મ અને યોગ" અથવા આચાર્ય શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરીશ્વરજીનું જીવન અને કવન આ વિષયો પર ઇનામી નિબંધો માગવામાં આવે છે, ઇનામી નિબંધો માથી સૌથી શ્રેષ્ઠ નિબંધના લેખકને રૂા. ૧૦૦, નુ પ્રથમ પારિતોષિક અપાશે. આ ઉપરાંત બીજું ઇનામ રૂા. ૫૦) ત્રીજું રૂા. ૨૫) ચોથું ઇનામ રૂા. ૧૫) અને પાંચમું ઇનામ રૂા. ૧૦ એ પ્રમાણે આપવામાં આવશે, નિબંધ કાગળની એક બાજુએ લખવો. અને બે આશરે ૨૫૦૦, શબ્દોનો હોવો જોઇએ પરંતુ ૩૫૦૦, શબ્દોથી વધુ ન હોવો જોઇએ. લેખકોને માર્ગ દર્શન માટે આચાર્યશ્રીના પુસ્તકો વાંચવા માટે શ્રી વીજાપુરજ્ઞાન મંદિર-વીજાપુર અથવા મંડળની ઓફીસ મધ્યેથી મળી શકશે. અને જે લેખકોને આ પુસ્તકો ખરીદ કરવાં હોય તેમને ૨૫ % ની ઓછી કિંમતે આપવામાં આવશે.

મંડળની કાર્યવાહક સમિતિએ નિયુક્ત કરેલ પરીક્ષકોનો નિર્ણય આ નિબંધો અંગે છેવટનો રાખશે. અને પરિતોષિક પાત્ર નિબંધોના સર્વ હક્ક આ મંડળના રહેશે. નિબંધ માટેની છેલ્લી તારીખ ૩૦-૧૦-૬૦. તે તારીખ પહેલાં લેખકોએ પોતાના નિબંધોને શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રચારક મંડળ C/o મંગળદાસ એન્ડ કું ૭૭૫ કાલબાદેવીરોડ મુંબઇ ૨ એ શીરનામે મોકલાવી આપવા.

લી. મંત્રીઓ

શ્રાવણ વદ ૭ના કપડવંજ મુકામે આચાર્ય દેવ શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી તેમજ શ્રી પૂ. પંન્યાસજી શ્રી મહોદયસાગરજી મહારાજ આદિએ શેઠ શ્રી રમણભાઈ મણિભાઈ (શેઠ શામળદાસ નથુભાઈ વાળા) ના બંગલાના વાસ્તુ મંગલ પ્રસંગે શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુક પૂજા વ. ભણાવી મંગલ ને કલ્યાણમય આશિષ આપી હતી. ત્રેવિક-વર્ગોએ ધર્મની ઉજાણી કરતાં પ્રભાવના કરી હતી. આ પ્રસંગે મુંબઈથી શ્રી વાડીલાલ ચતુરભાઈ પારેખ શ્રી કેશવલાલ સોમાભાઈ, શ્રી મણિલાલ ભાણસાળી શ્રી રમણલાલ વંડુલાલ તેમજ અમદાવાદ થી શેઠ શ્રી ચીમનલાલ પ્રેમચંદ શ્રી કેશુભાઈ વગેરે ઉપસ્થિત થયા હતાં અને ગામનો શ્રી સંઘ અને પૂ. સા. મ. શ્રી ચંદ્રશ્રીજી આદિ ઠાણા વગેરે પણ હાજર રહી આ મંગલ પ્રસંગને વધુ ભવ્ય બનાવ્યા હતા.

કપડવંજ શ્રી અભયદેવસૂરિ જૈનજ્ઞાનમંદિરમાં પૂના જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની લેખીત પરીક્ષા તા. ૩૦-૩૧ ના લેવાઈ હતી જેમાં લેખની અને મૌખિક પરીક્ષામાં બન્નેમાં મળીને ૧૧૫ પરીક્ષાર્થીઓએ લાભ લીધો હતો આ પરીક્ષાના નિરીક્ષક તરીકે શ્રી મહોદય સાગરજી તેમજ પૂ. શ્રી દુર્લભ-સાગરજી અને આગેવાન ગૃહસ્થોએ પોતાની સેવા આપી હતી.

શેઠ મીઠાભાઈ ગુલાબચંદના ઉપાશ્રયે શ્રી ચૌદપૂર્વ તેમજ અગિયાર ગણધર પદની આરાધના કરાવવામાં આવી હતી જેમાં લગભગ પંચોતેર ભાઈ બેનોએ ઉમંગથી ભાગ લીધો છે. અને તેની પૂજા ભક્તિ કરવામાં આવી છે

શ્રી જૈન શ્વેતાંબર મંડળ તરફથી શ્રી આણંદજી જૈન પાઠશાળાની પરીક્ષા લેવામાં આવી હતી. તેના પરીક્ષક તરીકે પરીક્ષકશ્રી રામચંદ ડી. શાહ સારો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો અને ભાવિમાં શ્રદ્ધા મુકી હતી તેના ઈનામી મેળાવડા પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો. અને પ્રથમ નંબર આવનારને ડૉ. જેઠાલાલ ટી. શાહ તરફથી ચાંદીના બે ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા બધા પરીક્ષાર્થીઓને ઈનામો તેમજ ધાર્મિક પુસ્તકો ભેટ આપી ધાર્મિક અભ્યાસ માટે સારું પ્રોત્સાહન આપવામાં આવ્યું આવ્યું હતું. આ પ્રભાવના સાધુવિહાર સહકારથી થઈ હતી.

## અવસાન નોંધ

આચાર્ય દેવ શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજીના શિષ્ય રત્ન શ્રી ધનવિજયજી મહારાજ સાહેબનું આ અષાડ વદી ૭ને શુક્રવારના સ્વર્ગાગમન થયું છે. તેઓશ્રીના દેહોત્સર્ગથી શ્રી સંઘે સખ્ત આંચકો અનુભવ્યો છે. અને તેમના જીવનના પ્રતિકરૂપે તપસ્યાને પૂજા વ. ની આરાધના કરવામાં આવી છે. તેઓ શ્રીનું જીવન અને કવન શિવપંથે દોરી જાય એ જ અભ્યર્થના !.........

જોગવરનગરમાં કપડવંજના વતની અને દીક્ષિત બની સંયમમાર્ગની લાંબી આરાધના કરતાં ખૂબ નાની વયે શ્રી મનહરશ્રીજી સાધ્વીજી મહારાજ કાળધર્મ પામ્યાં છે. તેમના સ્વર્ગવાસ નિમિત્તે તેઓશ્રીના સંસારી કુટુંબીઓએ કપડવંજમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથજીના દેરાસરમાં પંચકલ્યાણક મહોત્સવ અને પૂજા આંગી પ્રભાવના વ. ધર્મની આરાધના કરી સદ્ગતના આત્માને સાચી અંજલિ આપી હતી.

# ★ અમારી સંસ્થાના માનદ્ પ્રચારકો ★

૧ શા નાનાલાલ હીરાલાલ એન્ડ કું. એડનકેમ્પ
૨ દાણી સેવંતીલાલ ચીમનલાલ
કે. ૪૦/બરતલ્લા સ્ટ્રીટ કલકત્તા ૭
૩ શા. ચીમનલાલ રતનચંદ સાંડસા કે શાહુપુરી
પેઠ કોલ્હાપુર (મહારાષ્ટ્ર) તથા જીલ્લો
બનાસકાંઠા મુ. રજપુર (ડીસા)
૪ દાણી રમણીકલાલ ચીમનલાલ D. M. E
કે જૈનસોસાયટી પ્લોટ નં. ૧૪૭ બીજેમાળે મુંબઈ.
૫ શા જયંતીલાલ લલ્લુભાઈ દલાલ
કે. ૫૨/ચંપાગલ્લી મુંબઈ નં. ૨
૬ શ્રી ગણેશભાઈ પરમાર કે. લ્હેરી મેન્શન
કમલ ટોકીઝ સામે, ત્રીજેમાળે મુંબઈ નં.-૪
૭ શા રજનીકાન્ત ગીરધરલાલ કે. ૫૫/
શરીફ દેવજી સ્ટ્રીટ, ચોથેમાળે મુંબઈ નં. ૩
૮ શા. બાબુલાલ સકરચંદ (વીજાપુરવાલા)
C/o બાબુભાઈ રમણલાલ ટોપીવાલા
કે ધનજીસ્ટ્રીટ બીજી અગીયારીલેન મુંબઈ નં. ૩
૯ શ્રી પ્રકાશચંદ્ર જે. (ગારીઆધારકર)
૧૦ શા. રમણીકલાલ ગીરધરલાલ કે. ખેતીવાડી
યુનીયન હાઈસ્કુલ સામે, મુંબઈ નં. ૪
૧૧ શ્રી દેવકુંવરબેન મગનલાલ શાહ કે ઘાટકોપર
મણીકનિવાસ ગુરૂકુળલેન મુંબઈ
૧૨ શ્રી ચંદુલાલ જે. શાહ ખંભાતવાળા કે ૬૩/૬૭
ચકલાસ્ટ્રીટ બીજેમાળે મુંબઈ નં.-૩
૧૩ શા વાડીલાલ મંગળદાસ કે ઘડીઆળીપોળ
નં. ૯૯/૧૦૦ જૈનધર્મશાળા પાસે વડોદરા
૧૪ એન. જી. કોઠારી કે ઘડીઆળીપોળ વડોદરા
૧૫ શા. પોપટલાલ પાનાચંદભાઈ નવધરી
જી. વડોદરા મુ. પાદરા
૧૬ શા. લલ્લુભાઈ રાયચંદભાઈ C/o ભારત વોચ
કું. કે સ્ટેશનરોડ, મું. આણંદ
૧૭ શા. બાપુલાલ મોતીલાલ વાસણના વેપારી
કે કંસારા બજાર, મું. નડીઆદ
૧૮ શા. રસીકલાલ ચંપકલાલ મુ. માસારોડ
૧૯ શા લાલચંદ ભાયચંદ (ચાવાળા) C/o કીરીટ-
કુમાર નટવરલાલ કે. નવાબજાર મીયાંગામ કરજણ)
૨૦ શા મનુભાઈ ખીમચંદભાઈ
તાલુકો બોરસદ મું. આંકલાવ
૨૧ શ્રી રમેશચંદ ટી. શાહ કે. મહાત્માગાંધી રોડ,
મું. સીકંદરાબાદ
૨૨ શા અમૃતલાલ સકરચંદ કે રતનપોળમાં
ઝવેરીવાડ આંબલીપોળ, મું. અમદાવાદ
૨૩ શા. ચંદુલાલભાઈ એમ. પરીખ અમદાવાદ
૨૪ શા રતીલાલભાઈ કેશવલાલ પ્રાંતિજવાળા
કે ધન સુતારની પોળમાં અમદાવાદ
૨૫ શા હસમુખલાલ બી ઝવેરી કે દીલ્હીચકલા
ચાર રસ્તા મારવાડી બીલ્ડીંગ, અમદાવાદ
૨૬ શા. નાગરદાસ અમથાલાલ (મહુડીવાળા)
કે ૨૧/જૈનસોસાયટી એલીસબ્રીજ, અમદાવાદ
૨૭ શા રસીકલાલ હરીલાલભાઈ કે ૨૩/જૈનમર્ચંટ
સોસાયટી અમદાવાદ ૭
૨૮ શા. પ્રવીણચંદ્ર છોટાલાલ સાબરમતી
કે જૈન દેરાસર પાસે અમદાવાદ-૫
૨૯ શા બાબુલાલ ચંદુલાલ કે દીપક ભુવન જૈન
દેરાસર પાસે, મણીનગર અમદાવાદ-૮
૩૦ શા. રસિકલાલ નગીનદાસ પાદરાવાળા
કે વરસોડાની ચાલ સાબરમતી અમદાવાદ-૫
૩૧ શ્રી સાગરગચ્છ કમીટીની પેઢી જી અમદાવાદ
કે પદ્મપ્રભુ જૈનદેરાસર મું. સાણંદ
૩૨ શા હસમુખભાઈ ગોવીંદજી મહેતા સાણંદ
૩૩ શા કાન્તિલાલ રાયચંદભાઈ મહેતા સાણંદ
૩૪ ગાંધી પોપટલાલ પાનાચંદભાઈ કે બજારમાં
જી અમદાવાદ મું. ધોલેરાબંદર તથા ધંધુકા
૩૫ શા મહાસુખલાલ અમૃતલાલ કરપીઆ
કે. રાજકાવાડા અબજીમહેતાનો પાડો પાટણ
૩૬ શા નરોતમદાસ બેચરદાસ કે C/o અશોકકુમાર
રમણલાલ એન્ડ કું. ૮૭ ભવાની પેઠ પુનાસિટી-૨
૩૭ શા માનચંદ દીપચંદ પુનાસિટી-૨
૩૮ ભોગીલાલ અમથાલાલ વખારીઆ
C/o શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ જૈનજ્ઞાનમંદિર
મુ વીજાપુર ઉ. ગુ
૩૯ ડો બાબુભાઈ મગનલાલ કે પીલગજરો
મું મહેસાણા ઉ. ગુ.
૪૦ શા અંબાલાલ ચુનીલાલ સ્ટે બારેજડી મુ. હીરાપુર
૪૧ પરિ ત્યાલચંદ ડાહ્યાભાઈ વા. લીંબડી મુ શિયાણી
૪૨ શા ભોગીલાલ નરોતમદાસ ધોલેરાવાળા C/ શેઠ
આણંદજી કલ્યાણજીની પેઢી. જૈનદેરાસર મુ સુરેન્દ્રનગર
૪૩ શા. દીનકરરાવ મોહનલાલ કે ધોબીશેરી
મું શિહોર જંકશન (સૌરાષ્ટ્ર)
૪૪ શા. શાન્તિલાલ કેશવલાલ કે. દેવશાના પાડાની
બહાર અનિલ વિલાસ ત્રીજે માળે અમદાવાદ
૪૫ શ્રી. જશવંતલાલ ગીરધરલાલ શાહ,
C/o જૈન પ્રકાશન મંદિર કે ડોશીવાડાની
પોળ વિદ્યાશાળા સામે અમદાવાદ
૪૬ શા. નગીનદાસ જસરાજ કે જીવનનિવાસ
પાલીતાણા સૌરાષ્ટ્ર)
૪૭ દાણી જેસંગલાલ લક્ષ્મીચંદ મઠ બનાસકાંઠા

BUDDHIPRABHA REGD. NO: B.9045
Regd. as a Newspaper by the Registrar of Newspaper-New Delhi

# અંતરની આરઝૂ!

હે કર્મ! તું હવે કૃપા કરીને મારો છેડો મૂક!! તારી સંગતના યોગથી હું દુઃખી થાઉં છું અને ચતુર્ગતિમાં પરિભ્રમણ કરું છું. તેમાં તને તો કંઈ દુઃખ થતું નથી પણ મને તો અનંત દુઃખ થાય છે, માટે હવે દયા લાવીને હે! કર્મ મારાથી દૂર જા. તારી સંગતિથી મારા પ્રેમી સમજાતીય જીવોપર મેં રાગદ્વેષની બુધ્ધિ ધારણ કરી રૌદ્રરૂપ ધારણ કર્યું; માટે હે કર્મ! તમે પ્રસન્ન થઈને દૂર જાઓ, દૂર જાઓ મને મારા જીવોના આન્તર પ્રદેશોની સાથે આત્મભાવે હળી જવા દો. મળવાદો જેથી અનંત કર્મવર્ગણાની રાશિમાં રહેલા એવા મારા જીવને જ્ઞાનથી જાણી શકીશ.

## એક જ ચિનગારી!

હે ભવ્યાત્માઓ! તમો આત્મશ્રદ્ધામાં દૃઢ રહો, જેમ જેમ આત્મશ્રદ્ધા દૃઢ થશે; તેમ તેમ વૈરાગ્યનું જોર વધશે, આત્મશ્રદ્ધા તમને ઉચ્ચકોટી ઉપર મૂકશે, આત્મશ્રદ્ધાથી સત્ય વિવેક પ્રગટ થશે. આત્મશ્રદ્ધા વિના એક અંશમાત્ર પણ ધર્મકૃત્યને ખરા અંતઃકરણથી તમો નહિ કરી શકો, જ્યારે આત્મશ્રદ્ધા પ્રકટ થશે, ત્યારે આત્મપ્રેમ જાગૃત થશે. આત્મપ્રેમથી સર્વજીવોની સાથે મૈત્રી ભાવના દૃઢ થશે.

નિંદા + ગાળ + દ્વેષ = હિંસા

કોઈપણ મનુષ્યને ગાળ દેવાથી તેનું હૃદય બહુ દુઃખાય છે; તેથી તે જીવના આત્માને દુભવવો, તે પણ એક જાતની હિંસા ગણીને દયાવંત પુરુષો કોઈને ગાળી દેતા નથી. અન્ય પુરુષની નિંદા કરવાંથી પણ દ્વેષ કલેશની લાગણીઓ પ્રકટે છે. અને તેથી એક જાતની હિંસા થાય છે; માટે ઉત્તમ દયાવંત પુરુષો કોઈનીપણ નિંદા કરતા નથી.

### —: આવશ્યક માહિતી :—

૧ "બુદ્ધિપ્રભા" દર મહિનાની ૨૦મી તારીખે પ્રગટ થાય છે.

૨ બને તેટલું ટુંકુ અને મુદ્દાસર કાગળની એક બાજુ ફુલસ્કેપ કાગળમાં ચોખ્ખા અક્ષરે શુદ્ધ લખાણ મોકલી આપવું.

૩ દર અંકે જૈન જગતના સમાચાર આપવામાં આવશે.

૪ વાર્ષિક લવાજમ તથા લેખ, સમાચાર વિ. મોકલવા માટે અને તે અંગેનો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો.

બુદ્ધિપ્રભા કાર્યાલય
C/o પંડિત છબીલદાસ કેસરીચંદ
દાદાસાહેબની પોળ, ખંભાત. (W. R.)

આ માસિક મધુસુદન છોટાલાલ શાહે ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ, આણંદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી હિંમતલાલ છોટાલાલે ત્રણદરવાજા ખંભાતમાંથી પ્રકટ કર્યું.